# જીવન પરિમલ

## ૧૬ સચિત્ર બાળવાર્તા



"ઈસુએ બાળકોને બાથમાં લીધાં, ને તેઓ પર હાથ મૂકીને તેઓને આશીર્વાદ આપ્યો."

માર્ક ૧૦, ૧૬

લેખક :

સેમ્યુઅલ કે. રાજકર

પ્રકાશક :

ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી

4BGJ2

# જીવન પરિમલ

## ૧૬ સચિત્ર બાળવાર્તા

"બાળકો તો પ્રભુએ આપેલું ધન છે."
ગીત. ૧૨૭, ૩

લેખક :
સેમ્યુઅલ કે. વાજકર
ચિત્રકાર
ડીઝાઈન રીસર્ચ યુનિટ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

પ્રકાશક :
ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટી

: પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટી

પ્રથમ આવૃત્તિ        પ્રત ૨૫૦૦

ડિસેમ્બર ૧૯૭૭
કિંમત રૂા. ૧–૫૦

: મુદ્રક :
કાંતિલાલ ડાહ્યાભાઈ પટેલ
મંગળ મુદ્રણાલય; રતનપોળ, અમદાવાદ–૧

# પ્રસ્તાવના

મારા મુરબ્બી મિત્ર શ્રી. સેમ્યુઅલ કે. ત્રાજકરના કલમ–કુસુમમાંથી નિર્ઝરતા "જીવન પરિમલ"ને ભાવથી આવકારું છું. એવી આશા સેવું છું, કે એની સુવાસ ભૂલકાંઓનાં તથા પ્રૌઢોનાં મનને પ્રફુલ્લિત કરશે.

અગાઉ આધ્યાત્મિક જીવન કેન્દ્ર તરફથી શ્રી. ત્રાજકરના બે બાળવાર્તા–સંગ્રહ "માનવતાનાં ફૂલ" શીર્ષક નીચે પ્રસિદ્ધ થયા છે. તેમને આવકાર પણ સારો મળ્યો છે, તેમાંથી ઉત્તેજન મેળવીને ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીના સંચાલકો શ્રી. ત્રાજકરનો આ ત્રીજો બાળવાર્તા સંગ્રહ "જીવન પરિમલ" પ્રસિદ્ધ કરવા પ્રેરાયા છે. બાળવાર્તાઓનો આ સંગ્રહ પણ લોકોમાં ભાવભીનો પ્રેમાદર પામશે, એવી મારી ખાત્રી છે.

આપણા સમાજમાં સુરૂચિભર્યું ધ્યેયલક્ષી સાહિત્ય વધુ પ્રમાણમાં બહાર પડે, એ જરૂરી છે. હમણાં હમણાં બાળસાહિત્ય પ્રસિદ્ધ કરવા પ્રતિ આપણી કેટલીક પ્રકાશન સંસ્થાઓનું ધ્યાન દોરાયું છે, તે પ્રશંસનીય છે, આદરને પાત્ર છે.

કોઈ કે કહ્યું છે, કે "ટૂંકી વાર્તાઓનો સારામાં સારો ફાલ ઊતરે છે, ત્યારે સમાજજીવન અને પ્રજાજીવન ખરો પલટો લે છે." "જીવન પરિમલ" બાળજગતમાં આવી જ કોઈ ક્રાંતિની દિશા વિંધશે, સંસ્કાર સિંચન કરશે, એવી શુભેચ્છા પાઠવું છું. ત્યારે તો બાળકોમાં અને તેથી યુવાનોમાં અને પ્રૌઢોમાં વાચનભૂખ જાગી ઊઠશે. આ અનુભવ આપણા લેખકોને તથા લેખિકાઓને તંદુરસ્ત અને શિષ્ટ સાહિત્ય લખવા માટે પ્રેરણાબળ અને પ્રોત્સાહન આપશે.

સામાન્ય રીતે અલગ બોધ તારવ્યા સિવાય વાર્તામાંથી જ વાચકને તેમાં રહેલું અમૃત તત્ત્વ લાધે, એવી રીતે તે લખારી

જોઈએ. છતાં કેટલીક વાર બોધને બદલે વાર્તાનું અળવિતરું પાત્ર યાદ રહી જાય, અને ધારેલી છાપ બાળમાનસ પર પડવાને બદલે કોઈ નકારાત્મક છાપ પડી જાય, એવો સંભવ પણ ઉભો થાય છે. "વાંદરાએ આરસીમાં જોયું !" એ વાર્તા બાળકો વાંચે, તો દાંતિયા કરતો વિકરાળ તોફાની વાંદરો યાદ આવે. પરંતું લેખકે આ વાર્તામાંથી અને અન્ય વાર્તામાંથી એવી રીતે બોધ તારવીને પીરસણ કરેલું છે, કે નાનાં ભૂલકાંઓ વાર્તાઓ વાંચે કે સાંભળે, તો તેમાંથી જીવન ઘડતર માટેનું તત્ત્વ ગ્રહણ કરી શકે. એ રીતે વાર્તાનો બોધ તારવવાની બાબત અસ્થાને નથી.

"જર્મન ચિત્રકાર" ની વાર્તા ખ્રિસ્તી સત્ય અને રહસ્યથી અંકિત છે. એ કલાકારનો અનુભવ "જીવન પરિમલ" વાંચનાર સર્વનો બને, અને તેઓનાં જીવનો શ્રદ્ધા, પૂજ્યભાવ અને સમર્પણની ભાવનાથી અંકિત બને, એ શુભેચ્છા સાથે આ બાળવાર્તા સંગ્રહ સમાજ સમક્ષ રજૂ કરું છું.

અમદાવાદ ૬ રાઈટ રેવ. જે. જી. ક્રિસ્પાલ

બિશપ ઓફ ગુજરાત

# પ્રકાશકનું નિવેદન

ગુજરાતી ખ્રિસ્તી બાળકો માટે આકર્ષક બાળસાહિત્યની ખોટ પૂરવા ટ્રાકટ સોસાયટી છેલ્લાં બે વર્ષથી પ્રયત્ન કરે છે. આ કાર્ય માટે બાળસાહિત્ય સર્જનની એક પેટા સમિતિ પણ નિમવામાં આવી છે, જે સજાગ રીતે પોતાની ફરજ બજાવી રહી છે. આ સમિતિના એક સભ્ય શ્રી. સેમ્યુઅલ કે. ત્રાજકર છે. ગુજરાતી સમાજ તેમને એક પીઢ કેળવણીકાર, સ્પષ્ટ વક્તા અને લેખક તરીકે સારી પેઠે ઓળખે છે. તેમની અન્ય સાહિત્ય કૃતિઓ પણ છે. પરંતુ બાળસાહિત્ય સર્જનમાં તેઓનો ફાળો નોંધનિય છે. "ખ્રિસ્તી બંધુ," "બાળવાડી", "માર્ગસંગિની," વગેરે સામયિકોમાં તેમની બાળવાર્તાઓ નિયમિત પ્રગટ થાય છે. તેમની સચિત્ર બાળવાર્તાની બે પુસ્તિકાઓ "માનવતાનાં ફૂલ" ભાગ ૧ લો અને ભાગ ૨ જો પ્રગટ થઈ ચૂકી છે, અને તેમને સમાજમાં સારો આવકાર સાંપડયો છે.

તેઓએ પોતાની ૧૬ બાળવાર્તાઓ ટ્રાકટ સોસાયટીને પ્રકાશન માટે ભેટ આપી છે. આથી તેમનો આભાર માનીએ છીએ, અને આ ૧૬ બાળવાર્તાઓનું "જીવન પરિમલ" નામથી પ્રકાશન કરીએ છીએ. પોતાનાં બાળકોના આત્મિક ઘડતરને મદદરૂપ આ ઉપદેશ કથાઓની પુસ્તિકાને ખ્રિસ્તી કુટુંબોમાં સુંદર આવકાર મળશે, તેવો વિશ્વાસ રાખીએ છીએ.

આ પુસ્તિકામાં દોરાએલ સુંદર ચિત્રો માટે આર્ટીસ્ટ શ્રી. મયુર પરીખનો આભાર પ્રદર્શિત કરીએ છીએ.

ખ્રિસ્તી મંડળીઓના ઘડતરના કાર્યમાં ગળાડૂબ વ્યસ્ત રહેવા છતાં નાનાં ભૂલકાંઓ પ્રત્યેના પ્રેમને કારણે આ પુસ્તિકાની પ્રેરણાદાયક પ્રસ્તાવના લખી આપવાનો સમય માનવંત બિશપ સાહેબ કાઢી શકયા, તે બદલ રાઈટ રેવ. જે. જી. ક્રિસ્પાલ સાહેબનો હાર્દિક આભાર માનું છું.

ડિસેમ્બર ૧૯૭૭ — હેમીલ્ટન સત્વેદી

અમદાવાદ ૬ — સેક્રેટરી

ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટી

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | જર્મન ચિત્રકાર ... ... ... | ૭ |
| ૨. | વાંદરાએ આરસીમાં જોયું! ... ... | ૧૨ |
| ૩. | જલેબીબહેન અને પેંડાભાઈ ... ... | ૧૫ |
| ૪. | એક છોકરાનું સાહસ ... ... ... | ૨૧ |
| ૫. | જોડામાં શું હતું? ... ... ... | ૨૭ |
| ૬. | ગાડીના ડબ્બામાં ... ... ... | ૩૪ |
| ૭. | હાથી ચઢાવી દીધો! ... ... ... | ૪૦ |
| ૮. | છાંયે છાંયે જજે! ... ... ... | ૪૫ |
| ૯. | જુવાન પહેરેગીર ... ... ... | ૪૯ |
| ૧૦. | શેઠ અને ઠગ ... ... ... | ૫૪ |
| ૧૧. | ડોશીમા સમજી ગયાં! ... ... ... | ૫૮ |
| ૧૨. | ચોર નાઠા! ... ... ... | ૬૧ |
| ૧૩. | ગાંધીજીનો જવાબ ... ... ... | ૬૫ |
| ૧૪. | પાછો આવ્યો! ... ... ... | ૬૮ |
| ૧૫. | રૂડૂ-ભલો સમરૂની ... ... ... | ૭૨ |
| ૧૬. | "ઈસુ મારો ભાઈ છે!"... ... ... | ૭૬ |

## [૧] જર્મન ચિત્રકાર

એક જર્મન ચિત્રકાર સુંદર અને આબેહૂબ ચિત્રો દોરતો. તેથી તે પ્રખ્યાત થયો હતો. તેનાં ચિત્રો હજારો રૂપિયામાં વેચાઈ જતાં. આથી તેને યશ અને ધન બંને પ્રાપ્ત થયાં હતાં.

એક વાર તેને વધસ્થંભનું ચિત્ર દોરવાનો વિચાર થયો. તેણે બાઈબલ ઉઘાડયું. તેમાંથી તે વધસ્થંભનું વર્ણન વાંચી ગયો. વધસ્તંભનો આકાર, તેના ઉપર લટકેલો-કષ્ટાતો પ્રભુ ઈસુનો દેહ, આસપાસ ઉભેલાં માણસો, કાલવરીનું દૃશ્ય, અને ઉપર ગગનમાં વાદળમિશ્રિત આકાશ, આ બધું ચિત્રમાં કેવી રીતે ઉતારવું, તે વિષે તે મનન કરવા લાગ્યો.

પછી તેણે ચિત્ર દોરવાનું શરૂ કર્યું. શોકદર્શક ઘેરા રંગ તેણે પસંદ કર્યા. પ્રથમ તેણે સાદો આકાર દોર્યો. પછી તેમાં ઝીણી ઝીણી વિગતો પૂરવા માંડી. જ્યાં જ્યાં રંગનો

ઉઠાવ આપવાનો, ત્યાં ત્યાં તે રંગ તેણે કળામય રીતે પૂર્યા. થોડા દિવસમાં ચિત્ર પૂરૂં થયું. આબેહૂબ કષ્ટ ભોગવતા પ્રભુ ઈસુ ખ્રિસ્ત! જોઈ જ રહીએ, જોયા જ કરીએ, એવું ઉત્તમ ચિત્ર!

આ જર્મન ચિત્રકારને પોતાનું આ ચિત્ર ખૂબ જ ગમી ગયું. આવું સુંદર ચિત્ર બનાવવાથી તેને સંતોષ ને આનંદ થયાં. પરંતુ તેને એક વિચાર આવ્યો, કે આ ચિત્ર બીજાઓને કેવું લાગશે? તેથી તે પોતાની ચિત્રશાળાની બહાર નીકળ્યો. ત્યાં સામેના મેદાનમાં કેટલાંક છોકરાં રમતાં હતાં. તેમાંથી એક છોકરીને તે બોલાવી લાવ્યો, અને પેલા વધસ્તંભના ચિત્ર સામે તેને ખડી કરી દીધી. છોકરી તો વધસ્તંભનું અદ્ભુત ચિત્ર જોઈને સ્તબ્ધ બની ગઈ! આવું સુંદર ને અદ્ભુત ચિત્ર તેણે કદી જોયું ન હતું. તે ચિત્ર સામે એકીટસે જોઈ રહી. આ નાની બાળાના મુખ પરના બદલાતા ભાવો ચિત્રકાર વાંચવા લાગ્યો.

પછી એકાએક તે છોકરીએ પ્રશ્ન કર્યો, "આ કોણ છે?" તે પ્રભુ ઈસુ વિષે કશું જાણતી ન હતી. તેને વધસ્તંભ વિષે કંઈ ખબર ન હતી. તેને માટે આ બધું નવું નવું હતું. ચિત્રકારે કહ્યું, "એ પ્રભુ ઈસુ છે." "પ્રભુ ઈસુ કોણ?" છોકરીએ પૂછ્યું. ચિત્રકારે તેને સેંકડો વર્ષ પહેલાં બેથલેહેમમાં જન્મેલા, નાઝરેથમાં ઉછરેલા, પેલેસ્ટાઈનમાં ફરેલા ને યરૂશાલેમમાં વધસ્તંભ પર મૃત્યુ પામેલા પ્રભુ ઈસુની વાત ટૂંકમાં કહી. નાની બાળા બીજી બધી વાત તો સમજી, પરંતુ

એક વાત તેની સમજમાં આવી નહિ. તેથી તેણે આતુરતાથી પૂછ્યું, "પ્રભુ ઈસુને શા માટે વધસ્તંભે જડાવ્યા? શા માટે?"

ચિત્રકારે કહ્યું, "લોકોને તેમનો ઉપદેશ ગમતો ન હતો!" "શું એટલા જ માટે લોકોએ તેમને માર્યા?" તેણે ફરી ચિત્રકારને સવાલ પૂછ્યો, "પ્રભુ ઈસુ આટલા બધા સારા હતા, પ્રેમાળ હતા, માંદાઓને સાજા કરતા હતા. તેમ છતાં તેમનો ઉપદેશ ગમતો ન હતો, એટલા જ કારણથી શું તેમને મારી નાખવામાં આવ્યા?"

હવે તો ચિત્રકાર પણ જવાબ દેતાં થોથવાયો. નાની છોકરીની વાત વિચારવા જેવી હતી. શું આટલા જ કારણ-સર પ્રભુ ઇસુને મારી નાખવામાં આવ્યા? ચિત્રકાર પણ ગૂંચવણમાં પડયો. પ્રભુ ઈસુના વધસ્તંભનું ખરૂં કારણ તે પણ જાણતો ન હતો. તેણે આ નાની છોકરી આગળ નિખાલસપણે એકરાર કર્યો, "બેટી! તારી વાત ખરી છે. એટલા જ કારણસર કોઇ મારી ના નાખે. પરંતુ તેનું ખરૂં કારણ હું પણ જાણતો નથી. માટે એમ કર, કાલે સવારે તું આવજે. રાત્રિ દરમ્યાન બાઇબલમાંથી હું તેનું ખરૂં કારણ શોધી કાઢીશ."

છોકરીએ ચિત્રકારને વિચારશીલ સ્થિતિમાં નાખી દીધો હતો. વિચારમગ્ન ચિત્રકાર પોતાની ઓરડીમાં ગયો. બાઈબલ ઉઘાડયું. અત્યંત આતુરતાથી તે બાઈબલ વાંચવા લાગ્યો. પ્રભુ ઇસુ વિષેની આગાહીઓ, ભવિષ્ય વચનો,

યોહાન બાપ્તિસ્મા કરનારની ચેતવણી, પ્રભુ ઈસુનો ઉપદેશ, છેલ્લા યરૂશાલેમ પ્રવેશ વેળાનાં તેમનાં વચનો, ગેથસેમાની વાડીમાંનું કષ્ટ, પોલીસ કસ્ટડીમાં યાતના, વધસ્તંભ પરની વાણી ને મોત, આ બધું તે ઝીણવટથી વાંચી ગયો. આટલી બધી જિજ્ઞાસાથી તેણે કદી બાઈબલ વાંચ્યું ન હતું. મોડી રાતે એકાએક તેના હૃદયમાં પ્રકાશ થયો. તેનું મન પોકારી ઉઠ્યું, " મારા માટે, મારાં પાપનું દેવું ચૂકવવા માટે પ્રભુ ઈસુને વધસ્તંભ પર મારી નાખવામાં આવ્યા. "

વધસ્તંભનું ખરૂં કારણ તેને જડયું. તે રાતે રડીને તેણે પસ્તાવો કર્યો. તેના જીવનનું બદલાણ થયું. તે નવો જન્મ પામ્યો. હવે તે નવો માનવી હતો.



સવારે નાની છોકરી પાછી આવી. ચિત્રકારે તેને કહ્યું,

"પ્રભુ ઇસુ મારાં પાપને લીધે મરણ પામ્યા છે!" પણ બાળાને તેમાં કંઈ સમજ પડી નહિ. તેણે પૂછ્યું, "તમારાં પાપને લીધે? તમે શું ખોટું કર્યું હતું?" ચિત્રકારે ફરી તેને ચમકાવી નાખે તેવી વાત કહી, "તારાં પાપને લીધે પ્રભુ ઈસુને મારી નાખવામાં આવ્યા!" કન્યા જરા ગુસ્સે થઇ ને બોલી, "મારાં પાપને લીધે પ્રભુ ઈસુને વધસ્તંભે જડવામાં આવ્યા?" ત્યારે ચિત્રકારે તેને માણસ માત્રની પાપમય સ્થિતિ, તથા પ્રભુ ઈસુના જીવન અને મરણનો હેતુ સમજાવ્યાં, ત્યારે આ બાળા કંઈક સમજી.

આમ એક નાની છોકરીના પ્રશ્નથી આ પ્રખ્યાત ચિત્રકારનું બદલાણ થયું.

## [૨] વાંદરાએ આરસીમાં જોયું !

એક શહેરની આસપાસ વાંદરાંઓનો ભારે ત્રાસ હતો. કેઈ કોઈ વાર વાંદરાંનું ટોળું શહેરમાં પણ ધસી આવતું, ને બંગલાઓના બાગ બગીચાઓને ભેલાડી મૂકતું. વળી મકાનોનાં છાપરાં ઉપર કૂદાકૂદ કરી નળિયાંના ભૂક્કા બોલાવતાં.

આવી રીતે એક દિવસ એક મોટો વાંદરો શહેરમાં ધસી આવ્યો. એક બંગલાની અગાસીની પાળ પરથી ઠેકડો મારીને સીધો મેડા પરની બારીમાં જઈને બેઠો. ઘરનાં બધાં નીચે હતાં. મેડા પર કોઈ ન હતું. ઓરડામાં સામે એક મેજ ઉપર એક મોટો અરીસો હતો. બુઢિયાએ બારીમાં બેઠાં બેઠાં એ અરીસામાં જોયું. તેમાં તેને બીજો વાંદરો દેખાયો. તેથી આ વાંદરો તેને પોતાનો હરીફ સમજીને ગુસ્સે થયો. તેણે તેની સામે દાંતિયાં કર્યાં ! તે જોઈ અરીસાવાળા વાંદરાએ પણ સામે દાંતિયાં કર્યાં ! બારીમાં બેઠેલો વાંદરો એ જોઈ વધારે ગુસ્સે થયો. તેણે સામે અરીસામાં

દેખાતા વાંદરાને ખિજવડાવવા તેની સામે દાંત કચકચાવ્યા ! તો તેની સામે અરીસાવાળા વાંદરાએ પણ દાંત કચકચાવ્યા !

હવે બુઢિયા વાંદરાનો મિજાજ ગયો ! તેના મનમાં થયું, કે "હું આ વાંદરાની ટોળીનો સરદાર ! ને મારી સામે દાંતિયાં કરનાર ને દાંત કચકચાવનાર આ કોણ ? મારૂં પાણી એણે હજી જોયું નથી લાગતું ! આજ એને બરાબર ખબર પાડી દઉં !" તેથી હૂ........પ કરતોકને વાંદરો બારી



પરથી કૂદ્યો, તે સીધો મેજ ઉપર, ને એક લપડાક જોરથી પેલા અરીસામાં દેખાતા વાંદરાના મોઢા ઉપર ચોઢી દીધી!

પણ આ શું? લપડાક તો પેલા અરીસા પર વાગી, ને તેથી વાંદરાનો પોતાનો જ હાથ ચચરી ઉઠયો! પેલા આરસાવાળા વાંદરાને તો કશું થયું નહિ! એટલે તો વળી આ વાંદરાભાઈ વધારે ખિજાયા! ને તેથી તેણે ગુસ્સામાં ને ગુસ્સામાં બે હાથે આરસો ઉંચકીને ભોંય ઉપર જોરથી પટકયો! મોટા ધડાકા સાથે અરીસો તૂટી ગયો, ને તેના કાચના કકડે કકડા ઓરડામાં વેરાઈ ગયા!

ઉપરના ધડાકાનો અવાજ સાંભળીને બંગલાના માલિક નીચેથી લાકડી લઈને મેડા ઉપર ધસી આવ્યા. પણ વાંદરો તેમને જોઇને બારીમાંથી કૂદીને નાસી ગયો. કીંમતી અરીસાનો નાશ થએલો જોઈને બંગલાના માલિક ખિન્ન થયા.

વહાલાં બાળકો! વાંદરાં નુકસાન કરે, ખેતર ભેલાડે, બાગમાં ભાંગતોડ કરે, છાપરાંનાં નળિયાં કે બારીના કાચ તોડે, આપણી સામે દાંતિયાં કરે, પરંતુ માણસ એવું ના કરે. વાંદરો પોતાનું જ સ્વરૂપ જોઈને ગુસ્સે થયો, પરંતુ માણસ તો ઈશ્વરનું સ્વરૂપ છે, તેથી આપણે કોઇનું નુકસાન થાય, એવાં કામ ના કરીએ, પણ પ્રેમનાં, સેવાનાં, ભલાઈનાં કામ કરીએ.

## [૩] જલેબીબહેન અને પેંડાભાઈ

એક હતા પેંડાભાઈ, ને એક હતાં જલેબીબહેન. એમના પિતાનું નામ માવાભાઈ, ને માતાનું નામ સાકરબહેન. તેઓ મીઠાઈનગરની કંદોઈ પોળમાં રહે. બંનેને નિશાળે જવાનું અને ભણવાનું ગમે નહિ. આખો દિવસ બસ પોતાના ઘરની કાચની બારી પાસે બેસી રહે, ને રસ્તા ઉપર ટગર મગર જોયાં કરે. રસ્તા પરથી જતી મોટરો, સાયકલો, ગાડાં, ને માણસો જોવાનું એમને બહુ ગમે. તેમાં યે વળી નાનાં બાળકોને જતાં આવતાં જોવાની તો એમને ખૂબ જ મઝા પડે. એમનાં સરસ કપડાં, બૂટ-મોજાં, ને ખભે ભેરવેલું દફતર જોઈને જલેબીબહેન ને પેંડાભાઇ તો રાજી રાજી થઈ જાય.

કોઈ કોઈ બાળકો તો ત્યાં ઉભાં રહીને પેંડાભાઈ અને જલેબીબહેન સામે જોઇ તાકી રહે, ને ખી....ખી કરતાં હસે ! એમ તાકી રહેવાથી કોઈ વાર એમનાં મોંમાં પાણી

પણ આવી જાય. એ જોઈને પેંડાભાઈ ને જલેબીબહેન હસી પડે. પેંડાભાઈને તો વળી ગમ્મત કરવાનું મન થાય, એટલે એ કહે, "જલેબી! આ છોકરાં શું જોઇ રહ્યાં છે? કહું? તેં આજે સુંદર કેસરી ફ્રૉક પહેર્યું છે ને! તે જોવા એ બધાં ઉભાં છે!"

જલેબી શરમાઈને કહે "જા જા હવે! તું ગોરો ગોળમટોળ થઈને ઠસ્સાથી બેઠો છે ને? એટલે એ બધાં તો તને જોઈ રહ્યાં છે!"

પેંડો કહે, "પણ બહેન! આપણને અહીં સ્ટીલની ચકચકિત ખુરશી પર બેસવાની ને કાચની બારીમાંથી જોવાની કેવી મઝા પડે છે!"

જલેબી જરા નિરાશ થઈને કહે, "ભાઈ, ખરૂં કહું? મને અહીંથી આ કેદમાંથી નીકળીને આ ભૂલકાં જોડે બહાર ખુલ્લામાં ફરવા જવાનું બહુ મન થાય છે."

પેંડાભાઈ કહે, "અરે, જોજે! એવો વિચાર કરતી! જરા બહાર નીકળી ને! તો તરત આ આસપાસ ઉડતી ગંદી માખીઓ તને ચોંટી જ પડશે, ને પેલાં છોકરાં તાકીને ઉભાં છે ને, એ તો તને ખાઇ જ જશે!"

જલેબી ગભરાઇને કહે, "ઓ બાપ રે! મને ખાઈ જશે?"

પેંડો કહે, "હા હા, આ છોકરાં તો તને ને મને બેઉને ખાઇ જાય. જો સાંભળ, એવા એક ખાઉધરા છોકરાની વાત તને કહું."

જલેબી કહે, "કહે ને! વાર્તા સાંભળવાની મઝા આવશે. અહીં કાચની જેલમાં બેઠાં બેઠાં મને તો કંટાળો આવે છે."

પેંડાભાઈએ વાત શરૂ કરતાં કહ્યું, "ભગાભાઈ નામે એક છોકરો. એને મીઠાઈ બહુ ભાવે. જલેબી ને પેંડા ઉપર તો બસ તૂટી જ પડે. તેમાંયે જો લાડુ મળ્યા, તો તો થઈ જ રહ્યું. એવા ઝાપટે, એવા ઝાપટે, કે પેટ તતડી જાય. ઉઘાડી મીઠાઈ પર ધૂળ ચોંટી હોય, કે ગંદી માખીઓ બેઠી હોય, તો યે એવી ગંદી મીઠાઇ પણ ખાઈ જાય. પછી માંદો પડે જ ને?"

એક દિવસ એની વરસગાંઠ આવી. વરસગાંઠના બે ત્રણ દિવસ પહેલાં તેના મામાને ત્યાંથી થાળી ભરીને લાડુ આવ્યા. ભગાભાઈની માએ વિચાર્યું, કે સારૂં થયું. ભગાની વરસગાંઠે લાડુ કામમાં આવશે. તેથી માએ તો મેડા ઉપર જઈને કબાટમાં લાડુની થાળી ઢાંકીને મૂકી. પણ ભગાભાઈ એ જોઈ ગયા. એના મનમાં ચટપટી થઇ, કે લાડુ ખાવા શી રીતે?

એટલામાં ભગાભાઈને નિશાળે જવાનો સમય થયો. પણ ભગાભાઈનું મન લાડુમાં. તેથી બહાનું કાઢ્યું, "બા, આજે મારૂં માથું દુખે છે, તેથી મેડા ઉપર જઈને સૂઈ જાઉં?" બા કહે, "હા બેટા, ઉપર જઈને સૂઈ જા. આજે નિશાળે ના જઇશ."

ભગાભાઈને તો ભાવતું 'તું એવું જ થયું. ઉપરથી માંદા હોવાનો ઢોંગ કરીને, પણ મનમાં રાજી થઈને એ



તો ઉપર જઈને સૂઈ ગયો. પણ કબાટમાંથી તાજા લાડુની

સુગંધ આવતી હતી, એટલે ભગાભાઈને ઉંઘ શાની આવે? તેથી એ તો ધીમે રહીને ઊઠયો. આસ્તેથી કબાટ ખોલ્યું, ને એ ત્રણ લાડવા પેટમાં પધરાવી દીધા! પછી પાછો ઢાંગ કરીને સૂઈ ગયો.

થોડી વાર પછી તેની બા ભગાની તબિયત જોવા ઉપર આવી. ભગાને પૂછ્યું, "બેટા, કેમ છે હવે? હજી માથું દુઃખે છે?" ભગો મોં બગાડી કહે, "હવે જરા ઠીક લાગે છે, પણ હજી થોડું થોડું દુઃખે છે બા!" બા કહે, "હજી થોડી વાર સૂઈ રહે. મટી જશે."

બા નીચે ગઇ. એટલે ભગો થોડી વાર સૂવાનો ઢાંગ કરીને પાછો ઉઠયો, ને બીજા બે ત્રણ લાડુ ઝાપટી ગયો. સાંજે બા જમવા બોલાવવા આવી, તો ભગાએ તોપ મારી કે, "બા, મને જરા પેટમાં દુઃખે છે, એટલે મારે આજે જમવું નથી." એમ કહીને પાછો સૂઇ ગયો, ને છેક સાંજે અંધારૂં થવા આવ્યું, ત્યારે બીજા બે ત્રણ લાડુનો ઘાણ કાઢી નાખ્યો!

પણ આમ આખો દિવસ ખા ખા કરવાથી અને રમવા નહિ જવાથી મધરાતે ભગાભાઈની સ્થિતિ જોવા જેવી થઇ. પેલા લાડવાઓએ ભગાભાઇના પેટમાં હુલ્લડ મચાવ્યું. હવે તો સાચેસાચ ખૂબ દુખવા લાગ્યું. તેથી એ તો "ઓ મા રે! ઓ બાપા રે!" એમ બૂમો પાડીને પોક મૂકીને રડવા લાગ્યો. ઘરનાં બધાં જાગી ગયાં. તેની માએ ભગાના પેટ ઉપર શેક કર્યો, અને જુલાબ આપ્યો, ત્યારે જરા ઠીક થયું.

બીજે દિવસે તો ભગાને તાવ પણ આવ્યો, ને માથું પણ ખરેખર દુખવા લાગ્યું. તેથી તેને દવાખાને લઈ ગયા. ત્યાં ડોકટરે ઈંજેકશન આપ્યું. ને કડવી કડવી દવા આપી, ત્યારે ભગાભાઈ સાજા થયા.

એ દિવસ પછી ભગાની વરસગાંઠ આવી. વરસગાંઠે તેના મામા અને બીજાં સગાંવહાલાં આવ્યાં. તેથી જમણમાં પીરસવા સારૂ ભગાની મા પેલા લાડુની થાળી લેવા મેડા ઉપર ગઈ, તો તેમાં થોડાક જ લાડુ જણાયા! તેથી તેને નવાઈ લાગી. પણ વિચાર કરતાં તેને લાગ્યું, કે આ તો ભગાનું જ કામ! ભગો તેથી જ માંદો પડેલો! ભગાને ધમકાવીને પૂછતાં તેણે પોતાનો ગુનો કબૂલ કર્યો."

જલેબીબહેન કહે, "ભગાએ કેટલાં બધાં પાપ કર્યાં? જૂઠું બોલ્યો, ઢોંગ કર્યો, ચોરી કરી, ને છેતરપિંડી કરી!"

પેંડાભાઈ કહે, "હા, એનું ફળ પણ એને ભોગવવું પડયું ને? માંદો પડયો, કડવી દવા પીવી પડી, ઈંજેકશન ખોસાવવા પડયાં, રમવાનું બંધ થયું, ઠપકો ખાવો પડયો ને નિશાળનું લેસન પણ બગડયું."

જલેબીબહેન કહે, "ભાઇ, તેં સરસ વાત કહી. મીઠાઈ બહુ ના ખાવી જોઈએ. ઉઘાડી, ઉપર ધૂળ પડેલી, ને માખીઓ બણબણતી હોય, તેવી મીઠાઇ તો બિલકુલ ના ખાવી. તાજી, ઢાંકેલી ને મમ્મી આપે, તેટલી જ મીઠાઈ ખાવી જોઈએ, ખરૂં ને?"

# [૪] એક છોકરાનું સાહસ

હોપ્સન નામે એક છોકરો. ઇંગ્લાંડમાં રહે. તેનું ગામ દરિયા કિનારે. તે રોજ દરિયા કિનારે બેસી જતાં-આવતાં વહાણ જુએ. વહાણ જતાં જોઈ ઘણી વાર તેના મનમાં વિચાર આવે, કે મને પણ વહાણમાં બેસી પરદેશ જવાનું મળે તો કેવું સારું! મનમાં સાગર ડહોળવાના મનોરથ જાગે. દરિયાનાં મોજાં પર હીંચકા ખાવાના મનસૂબા ઘડે.

એક વાર તો તેણે જબરી હિંમત કરી. એક વહાણને તેણે કિનારે લાંગરેલું જોયું. વહાણના કપ્તાન કિનારે ઊતર્યા. લાગ જોઈ ને હોપ્સન તેમની પાસે પહોંચી ગયો, ને તેમને કહ્યું, "સાહેબ, મને આપના વહાણમાં કંઈ કામ આપો ને!"

કપ્તાને કહ્યું, "છોકરા હજી તો તું નાનો છે, તેથી વહાણનું કંઈ કામ તને આવડે નહિ." હોપ્સને તરત જ કહ્યું, "સાહેબ, મને કામ કરતાં આવડે છે, અને આપ જે

કંઈ કામ મને બતાવશો, તે કામ હું તરત જ શીખી લઈશ, ને બરાબર કરીશ."

હોપ્સનનો ઉત્સાહ તથા આતુરતા જોઈને કપ્તાને તેને વહાણમાં કામ પર રાખી લીધો. આથી હોપ્સન ખૂબ રાજી થયો. તેને સોંપવામાં આવતું દરેક કામ તે ખૂબ કાળજીથી ને સારી રીતે કરતો. આથી થોડા જ વખતમાં તે હલેસાં મારતાં, સઢ ચઢાવતાં ને ઊતારતાં, વહાણના કૂવાથંભની ટોચે સડસડાટ ચઢી જતાં અને પાછો સરરર નીચે ઊતરી જતાં શીખી ગયો. દરિયામાં તરતાં અને ડૂબકી મારતાં પણ તેને આવડી ગયું. રાત્રે આકાશના તારા જોઈ તે પરથી દિશા પારખી વહાણનું સુકાન ફેરવવાનું જવાબદારીવાળું કામ પણ કોઇ કોઈ વાર તે કરવા લાગ્યો.

હવે તો તેને ખૂબ જ મઝા પડી. નવાં નવાં બંદરો જોતાં, દેશપરદેશના જાત જાતના લોકો જોતાં, મધદરિયે પ્રચંડ મોજામાં હીંચકા ખાતાં, તથા દૂર દૂર ક્ષિતિજના છેડે દરિયાને તથા આકાશને ભેટતાં જોતાં તેના આનંદનો પાર રહ્યો નહિ.

આ વાતને થોડા મહિના વિત્યા. એવામાં ઈંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે લડાઇ જાગી. એ બંને દેશ વચ્ચે લડાઈની ભારે ધમાચકડી જામી. હોપ્સનવાળું વહાણ પણ સરકારે લડાઈના કામમાં લીધું. તે સાથે એ વહાણના કપ્તાનને તથા તેમાંના ખલાસી વગેરેને પણ લડાઈના કામમાં જોડી દીધા.

હૉપ્સન બહાદુર છોકરો હતો, તેથી તેને તો ઓર મઝા પડી. પ્રત્યક્ષ લડાઈ જોવાની તથા તેમાં ભાગ લેવાની તક મળવાથી તેને ખૂબ આનંદ થયો. હવે તેને સોંપેલું કંઈ પણ કામ તે બમણા ઉત્સાહથી કરવા લાગ્યો.

પરંતુ લડાઈ ધાર્યા કરતાં વધારે લાંબી ચાલી. ઘડીકમાં અંગ્રેજો જીતતા હોય એવું લાગે, તો ઘડીકમાં બાજી પલટાઈ જાય, ને ફ્રેંચો જીતતા હોય એવું લાગે. પણ આખરી ફેંસલો થાય નહિ. આમ ને આમ ઘણા દિવસ નીકળી ગયા.

એક દિવસે સાંજે કપ્તાન અને હૉપ્સન તૂતક ઉપર ઊભા હતા. ત્યારે હૉપ્સને પૂછયું, " સાહેબ, ફ્રેન્ચો શી રીતે હારે ?" કપ્તાને આંગળી ચીંધી કહ્યું, " જો, પણે દૂર ફ્રેન્ચ નૌકાસૈન્યની વચમાં જે મોટું વહાણુ દેખાય છે, તે તેમના સેનાપતિનું વહાણુ છે. તે વહાણુની ટોચે જે ફ્રેંચ વાવટો ઊડે છે, તે વાવટો જો નીચે ઉતારી લેવામાં આવે, તો ફ્રેન્ચો નાહિમ્મત થઇ જાય, ને યુદ્ધમાં હારી જાય. પરંતુ એવી રીતે વાવટો ઉતારી લાવવાનું કામ અતિશય મુશ્કેલ, જીવલેણ ને અશક્ય છે."

એ વાત સાંભળીને હૉપ્સન ઊંડા વિચારમાં પડી ગયો. તેના મનમાં કશીક ગડમથલ થવા લાગી. તે રાત્રે તેને ઊંઘ આવી નહિ. તેના મગજમાં કશીક યોજના ને મનસૂબાના ઘોડા દોડવા લાગ્યા !

પાછલી રાતે તે પથારીમાંથી ઊભો થઇ ગયો. ચૂપ-



ચાપ તૂતક પર આવ્યો, ને દૂર સાગરમાં સ્થિર ઊભેલાં શત્રુનાં વહાણુ સામે અંધારામાં તાકીને જોઇ રહ્યો. પછી ધીમે રહીને એક દોરડું દરિયામાં લટકાવીને તે વાટે તે

સમુદ્રમાં સરકી પડયો. પછી અંધારામાં સાવચેતીપૂર્વક તરતો તરતો તથા ડૂબકીએ મારતો મારતો તે ફ્રેન્ચ વહાણોના કાફલા નજીક જઇ પહોંચ્યો.

હવે જ તેની ખરી કસોટી હતી. જો કોઈ ફ્રેન્ચ ચોકિયાત તેને જોઇ જાય, તો ભડાકૢ દઈને તેને ગોળી મારીને ખલાસ કરી નાખે. તેથી હોપ્સન બહુ ધીમેથી, ખૂબ સાવચેતીથી તથા ચોકિયાતોની નજરથી બચીને અંધારામાં તરતો તરતો વચ્ચેના મુખ્ય વહાણ પાસે પહોંચી ગયો. પછી અજબ ચપળતાથી ચોકિયાતોની આંખોમાં ધૂળ નાખીને તે વહાણ ઉપર પણ ચઢી ગયો, ને કુશળ નટની જેમ વહાણના કૂવાથંભ પર ચઢી જઇ વાવટો ઉતારી લાવ્યો ! પ્રભાતના ગાઢ ધુમ્મસ ને અંધકારમાં કોઈએ તેને જોયો નહિ. પછી ફરી પાછો એવી જ રીતે તરતો તરતો તે પોતાના વહાણ ઉપર પહોંચી ગયો, ને કપ્તાનને જગાડી તેમના હાથમાં પેલો વાવટો મૂકી દીધો ! કપ્તાન તો ફ્રેન્ચ વાવટો પોતાના કબજામાં આવેલો જોઇને આશ્ચર્યચકિત થઈ ગયો ! તેણે હોપ્સનને ખૂબ શાબાશી આપી, ને તાબડતોબ સૈનિકોને મોકલીને અંગ્રેજ નૌકાસૈન્યને હુમલા માટે સાબદું કર્યું.

પ્રભાતના આછા ઉજાસમાં અંગ્રેજોના એકાએક હુમલાથી ફ્રેન્ચ સૈન્યમાં હાહાકાર મચી ગયો. સેનાપતિના મુખ્ય વહાણ ઉપર પોતાના દેશનો વાવટો ન જોતાં પોતે હારી ગયા છે, એવા ખ્યાલથી ફ્રેન્ચો નાહિમ્મત થઈ ગયા, ને પોતાનાં

વહાણો લઇને ફ્રાન્સ તરફ નાસવા લાગ્યા. પણ અંગ્રેજ કાફલાનાં વહાણોએ તેમનો પીછો પકડીને તેમનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો. ફ્રેંચોનાં સંખ્યાબંધ વહાણો ડૂબી ગયાં, કાં સળગી ગયાં. આખરે ફ્રેન્ચો હારી ગયા, ને અંગ્રેજોનો શાનદાર વિજય થયો. એક બહાદૂર છોકરાના પરાક્રમથી અંગ્રેજોની જીત થઈ.

વહાલાં બાળકો ! તમે ખ્રિસ્તી યોદ્ધા છો. શેતાન આપણો શત્રુ છે. તેની સામે આપણે નિત્ય લડાઇ લડવાની છે. તેથી આત્મિક હથિયારો સજીને શેતાન સામે લડીને તેને આપણી પાસેથી ભગાડીએ. વહાલો ઇસુ આપણો કપ્તાન છે. તે નિત્ય લડાઈમાં આપણને દોરે છે. માટે નિત્ય આત્મિક લડાઇ લડો.

(એફેસી. ૬, ૧૪–૧૭ વાંચો.)

—

## [૫] જોડામાં શું હતું ?

ઘણાં વરસ પહેલાંની વાત છે. રાજાઓના જમાનાની. એક હતા રાજા. દરબાર ભરીને બેઠા હતા. દરબારમાં રાજ-કાજ ચાલતું હતું. રાજા પ્રજાની ફરિયાદો સાંભળીને ન્યાય તોળતા હતા. એવામાં એક પરદેશી વેપારી આવ્યો. તેની પાસે જાત જાતનું રંગબેરંગી કાપડ હતું. તેણે રાજાને સરસ કાપડ બતાવ્યું. તેમાંથી રાજાને એક બે વારનો ટુકડો ખૂબ ગમ્યો. વેપારીએ પણ મીઠું મધ જેવું બોલીને રાજાને પલાળી નાખ્યા, "આવું સુંદર ને કીંમતી કાપડ આખા દેશમાં કોઇની પાસે નથી. આ બે વાર તો ખાસ આપને માટે જ લાવ્યો છું. એના કબજાથી રાણી સાહેબા ખૂબ સુંદર દેખાશે, ને ખુશ ખુશ થઈ જશે. માટે લઈ લ્યો રાજાજી !"

રાજા તો પાણી પાણી થઈ ગયા. તે ખૂબ કીંમતી કપડું હતું, પણ વધારે ન હતું. ફક્ત બે જ વાર હતું. છતાં રાજાએ મોં માગ્યા પૈસા આપીને તે રાણીના કબજા માટે ખરીદી લીધું.

દરબાર પૂરો થયા પછી રાજા એ કાપડ લઈ ને રાણી-વાસમાં ગયા. રાણી પણ એ સુંદર કપડું જોઈ ને ખુશ ખુશ થઈ ગઈ. તેણે તરત પોતાના દરજીને મહેલમાં બોલાવ્યો, ને કહ્યું, "આ કાપડમાંથી મારે માટે બે સરસ કબજા સીવી દે.આટલા કાપડમાંથી બે કબજા થશે ને?" દરજીએ કપડું હાથમાં લઈ ને માપ લીધું, ને પછી ખંધુ હસીને બોલ્યો, "રાણી સાહેબા, બે કબજા બનાવવા માટે આ જરા ઓછું કપડું છે, પણ એ તો જેમ તેમ કરીને–કરામત કરીને પણ બે કબજા સીવી દઈશ."

છતાં રાજાના મનમાં સંશય આવ્યો. તેમને વિચાર આવ્યો કે આવા સરસ કાપડમાંથી પણ દરજી થોડું કાપડ કાઢી લે તો? તેથી તેમણે દરજીને કહ્યું, "જુઓ દરજી, તમારે આ કાપડ તમારે ઘેર નહિ લઈ જવાનું! પણ અહીં મહેલમાં બેસીને જ કબજા સીવો. સિપાઈઓ તમારા ઉપર દેખરેખ રાખશે. તમારે ઘેર જમવા પણ નહિ જવાનું. ઘેરથી ભાણું મંગાવજો. ને જુઓ, બે દિવસમાં બે કબજા સીવી આપવાના!"

દરજીભાઈ તો મહેલમાં કબજા સીવવા બેઠા. આસપાસ સિપાઈઓનો પહેરો. બરાબર નજર રાખે, જેથી દરજી જરા ય કાપડ ચોરી ના લે. તે વખતે સીવવાના સંચા ન હતા, તેથી બધું જ હાથે સીવવાનું.

બપોર થયા એટલે દરજીનો દીકરો ઘેરથી ભાથું લઈને આવ્યો. દરજી સીવવાનું બાજુ પર મૂકી જમવા બેઠો. જમતાં

જમતાં બાપ દીકરો વાતો કરવા લાગ્યા. વાતો કરતાં કરતાં બાપ દીકરો લડી પડ્યા. છોકરો બાપની સામે જોર જોરથી બોલવા લાગ્યો. સિપાઈઓને તો આ લડાઈ જોવાની મઝા પડી. છોકરાને પોતાની સામે બોલતો જોઈને બાપ ખૂબ



ગુસ્સે થયો, ને પાસે પડેલો પોતાનો જોડો ઉપાડીને છોકરા પર છૂટો માર્યો. નાસતા છોકરાની પીઠ પર જોડો વાગત, પણ છોકરાએ નમી જઈને જોડો ઝીલી લીધો, ને તે જોડો લઈ ને ઘેર નાસી ગયો. સિપાઈઓ તો આ બાપ દીકરાની લડાઇ જોઈને હસી હસીને બેવડ વળી ગયા. સાંજે દરજીને બિચારાને એક જોડા વગર ઉઘાડા પગે ચાલતાં ઘેર જવું પડ્યું. સિપાઈઓએ તેની ઝડતી લઈને ઘેર જવા દીધો.

બીજે દિવસે સવારે ફરી પાછો દરજી મહેલમાં આવ્યો, ને સિપાઈઓની ચોકી વચ્ચે કબજા સીવવા બેઠો. દરજી જરા ય કપડું કાઢી ન લે, માટે સિપાઇઓ બરાબર નજર રાખી રહ્યા હતા. દરજી સીવતો હતો. બપોરે ફરી એનો છોકરો બાપાને ભાથું આપવા આવ્યો. સિપાઈઓને કાલની લડાઈની વાત યાદ આવી, એટલે એક સિપાઈ કહે, " આ તમારો છોકરો જબરો લાગે છે! તમારી સામે પણ કેવું ફાટ્યું ફાટ્યું બોલે છે!" દરજી કહે, " હા જમાદાર સાહેબ, એ તો નાનપણથી જ એવો છે. મહા ખેપાની છે!"

એટલે તરત છોકરો બાપની સામે થયો, " તમે એમ કેમ કહો છો? શું હું ખરાબ છું? તમે મને કાલે જોડો કેમ માર્યો?" વળી પાછી આ વાત પર બાપ દીકરા વચ્ચે જામી પડી! બાપ ધમકાવવા લાગ્યો. છોકરો જોર જોરથી સામે બોલવા લાગ્યો. સિપાઇઓને તો ફરી આ નાટક જોવાની મઝા પડી. દરજી વળી પાછો ગુસ્સે થયો. જોડો ઉપાડ્યો, ને છોકરા પર ઝાપટ્યો! છોકરો દાવ ચૂકાવીને જોડો લઇને

ચોર ભાગી ગયો. સિપાઇઓને ભારે ગમ્મત થઇ. હસી હસીને લોથ પોથ થઈ ગયા !

તે સાંજે બંને કબજા પૂરા સીવીને દરજીએ રાજાને સોંપી દીધા. રાજાએ સિપાઈઓને પૂછ્યું, "તમે બરાબર ચોકી કરી હતી ને? દરજીએ જરા ય કપડું કાઢી લીધું નથી ને?" સિપાઇઓ કહે, "અરે શું કાઢે? અમે બરાબર નજર રાખી હતી." રાજા ખુશ થયા. બંને કબજા લઈને તેઓ રાણી પાસે ગયા. રાણીએ કબજા પહેરી જોયા. બરાબર હતા. રાણી તો રાજી રાજી થઇ ગઈ. આવા સુંદર ને સરસ કબજા આખા દેશમાં બીજા કોઈની પાસે નથી, એ વિચારે તેને ખૂબ જ ગર્વ થયો.

અઠવાડિયા પછી પૂનમની સાંજે રાણી પોતાની દાસીઓ સાથે શહેરમાં ફરવા નીકળી. ખૂબ આનંદમાં તેણે પેલો નવો કબજો પહેર્યો હતો, તેથી તેનો હરખ માતો ન હતો. નવા કબજામાં રાણી ખૂબ સુંદર દેખાતી હતી. લોકો પણ રાણીની પાલખી જોઇને રસ્તાની એક કોર થઇ જતા, અને બે ઘડી રાણી સામે જોઈ જ રહેતા.

એવામાં એકાએક રાણીનું મોં ઉતરી ગયું! સામેથી આવતી એક સ્ત્રીએ અદ્દલ રાણીના કબજા જેવો જ કબજો પહેર્યો હતો! એ જ કાપડ, ને એ જ સિલાઈ! રાણીને તો ફાંકો હતો, કે મારા જેવો સુંદર કબજો આખા દેશમાં બીજા કોઈની પાસે નથી! ને આ શું? પેલી સ્ત્રી જરા

નજીક આવી, એટલે રાણીએ ધારીને જોઇને ખાતરી કરી, તો બરાબર એ જ ! રાણીએ તરત પેલી સ્ત્રીને પૂછ્યું, "તમે આ કબજો ક્યાંથી લાવ્યાં ?" સ્ત્રીએ કહ્યું, "મારા ધણી દરજી છે. તેમણે સીવી આપ્યો."

રાણી તો એ સાંભળીને ધૂંવાપૂંવાં થઈ ગઇ ! તેણે તરત પાલખી પાછી લેવડાવી. રાજા પાસે પહોંચી જઈને તે ક્રોધથી બોલી, "તમે તો કહેતા હતા ને, આના જેવો સુંદર ને સરસ કબજો આખા દેશમાં કોઇની પાસે નથી! પણ હમણાં જ મેં બજારમાં એક સ્ત્રીને આમાંનો જ કબજો પહેરેલી જોઈ! તે કહેતી હતી, કે મારો ધણી દરજી છે!"

આ સાંભળીને રાજાના ગુસ્સાનો પારો પણ એકદમ ઊંચે ચઢી ગયો. તેમણે તરત સિપાઈઓને મોકલીને પેલા દરજીને પકડી મંગાવ્યો. તેને રાજાએ પૂછ્યું, "સાચું બોલ, તેં રાણીના કબજા સીવવાના કાપડમાંથી થોડું કાપડ ચોરી લીધું છે ને?" દરજીની ચોરી હવે પકડાઈ ગઇ હોવાથી તે નરમ બની ગયો, ને પોતાનો ગુનો તરત કબૂલ કરી દીધો.

સિપાઇઓની સખત ચોકી હોવા છતાં દરજીએ ચોરી કરી, એ વાતથી રાજા નવાઈ પામ્યો. દરજીએ ખુલાસો કર્યો, "મારા ઘેર સોય દોરા ને કાતર લેવા હું ગયો, ત્યારે મેં મારા છોકરાને શીખવી રાખ્યું, કે તું ભાથું આપવા આવે, ત્યારે વાતચીતમાં મારી સામે બોલીને તકરાર કરજે. પછી

હું ગુસ્સે થઈને તને છુટ્ટો જોડો મારીશ. તે જોડો લઈને તું ઘેર નાસી જજે. એ જોડામાં મેં બંને દિવસ ચોરેલું કપડું દબાવીને સંતાડી રાખ્યું હતું. સિપાઈઓ અમારી લડાઇ જોવાની ગમ્મતમાં હતા, તેથી તેમને મારી આ યુક્તિની કશી ખબર પડી નહિ. મારો આટલો ગુનો માફ કરો. કપડું બહુ સુંદર હતું, તેથી મારી પત્નીને ખાતર મારૂં મન લોભાયું હતું." તો પણ રાજાએ ચોરીના ગુના બદલ દરજીને અને બેદરકારીના ગુના બદલ સિપાઈઓને સજા તો કરી જ.

વહાલાં બાળકો! દરજીએ યુક્તિભરી ચોરી કરી, એ પાપ તો કર્યું જ, પરંતુ પોતાના છોકરાને પણ નાનપણથી ચોરી કરતાં, અવિવેકી બનતાં અને છેતરપિંડી કરતાં શીખવ્યું, એ તો ત્રેવડું પાપ કર્યું કહેવાય. સિપાઈઓએ પણ હસવા-ઠીઠીમાં પોતાની ફરજનું પાલન બરાબર કર્યું નહિ, ને બેદરકારી રાખી, તે પણ તેમની મોટી ભૂલ જ ગણાય. દરેક દરજીએ કપડું સીવતાં વધેલ કાપડ તેના માલિકને પાછું આપવું જોઈએ.

## [૬] ગાડીના ડબ્બામાં

ઘણાં વરસ પહેલાંની વાત છે. હું ટ્રેનમાં બેસીને બહારગામ જતો હતો. ગાડીમાં ખાસ ભીડ ન હતી. ઉતારુઓ એકબીજા સાથે અલકમલકની વાતો કરવા લાગ્યા. મારી સામેની બેઠક ઉપર એક જુવાન બેઠો હતો. તેના કાંડે સરસ નવી ઘડિયાળ બાંધેલી હતી. તેની બાજુમાં એક માણસ બેઠો હતો. તેનું ધ્યાન એ ઘડિયાળ તરફ ખેંચાયું. તેણે પેલા જુવાનને પૂછ્યું, "ભાઈ, આ ઘડિયાળ નવી લીધી?" જુવાન કહે, "હા." માણસે પૂછ્યું, "કેટલામાં લીધી?" જુવાન કહે, "સો રૂપિયામાં. સોનાની છે." માણસે કુતૂહલ બતાવી કહ્યું, "જરા બતાવો જોઈએ." જુવાને કાંડેથી ઘડિયાળ કાઢી આપી. પેલો માણસ તે ઘડિયાળ ફેરવી ફેરવીને જોવા લાગ્યો. "ઓહો! ઘડિયાળનો પટો બહુ સરસ છે!" પછી કાને અડાડીને તેની ટક ટક પણ સાંભળી.

પણ પછી એકદમ એ માણસે બેઠકના પાટિયા પર ઘડિયાળ જોરથી પછાડીને ઉપર મુક્કો મારીને તોડી નાખી! ને ચાલતી ગાડીએ બારીમાંથી બહાર ફેંકી દીધી! ડબ્બામાં હાહાકાર વ્યાપી ગયો! પેલો જુવાન ખૂબ ગુસ્સે થઈ ગયો, ને પેલા માણસ જોડે ભારે તકરાર કરવા લાગ્યો.



"આ શું કર્યું તમે? ગાંડા છો કે શું? મારી કીમતી ઘડિયાળ તોડી નાખી, ને પાછી ચાલતી ગાડીએ બહાર પણ ફેંકી દીધી! મારી ઘડિયાળ લાવો! નહિ તો સો રૂપિયા આપી દો!" બંને વચ્ચે જામી પડી.

પેલો માણસ તો ગાંડાની જેમ હસવા લાગ્યો. એ

જોઈને પેલો જુવાન વધારે ખિજાયો ! "હસવું શેનું આવે છે ? મારૂં ઘડિયાળ લાવો, નહિ તો સો રૂપિયા આપી દો ! હમણાં પોલીસને બોલાવું છું ! શું સમજે છે તારા મનમાં ?" જુવાન તો બાંયો ચઢાવીને પેલા માણસને મારવા ઊભો થઈ ગયો.

તેમ છતાં પેલો માણસ તો હજી યે શાંતિથી બેઠો બેઠો હસતો હતો. તે કહે, "અરે ભઈ! તમારૂં ઘડિયાળ અહીં લીધું છે જ કોણે ?"

જુવાનને તો એ સાંભળીને ખૂબ જ ચાટી ગઈ. "અલ્યા ! જૂઠું બોલે છે? આ બધાંની વચમાં તેં મારી ઘડિયાળ માગી. બધાંના દેખતાં મેં તને આપી, ને તેં જોતાં જોતાં એકદમ પછાડી મૂક્કો મારીને તોડી નાખીને બારીની બહાર ફેંકી દીધી! ને હવે જૂઠું બોલે છે ?" બોલતાં બોલતાં જુવાન ગરમ થઈ ગયો.

ડબ્બામાં બેઠેલા લોકોએ પણ ટાપશી પૂરી, "અલ્યા ભઈ! ખરી વાત છે. તમે ઘડિયાળ માગી લીધી, તોડી નાખી, ને ફેંકી દીધી ! અમે બધા ય જોતા હતા."

પેલો માણસ હસતો હસતો કહે, "અરે ! તમે બધા શા માટે મારા પર ગુસ્સે થાઓ છો ? મારી પાસે એમનું ઘડિયાળ ક્યાં છે ? એમનું ઘડિયાળ તો એમના ખિસ્સામાં જ છે ! ભઈ! તમારા ગજવામાં જુઓ તો ! ઘડિયાળ છે કે નહિ ?"

જુવાને પોતાના ગજવામાં હાથ નાખ્યો. ઘડિયાળ ત્યાં જ હતી. બહાર કાઢી. બધા ઘડિયાળ સામે જોઈ રહ્યા. ઘડીભર ડબ્બામાં સનસનાટી વ્યાપી ગઈ. પેલો જુવાન તો ઠરી જ ગયો! પેલો માણુસ કહે, "જોઈ લ્યો બરાબર! એ જ ઘડિયાળ છે ને? કંઈ તૂટીબૂટી તો નથી ગઈ ને? ચાલે છે ને બરાબર? હવે પછી ફરી આમ કોઇને ગળે ના પડતા!"

જુવાને ઘડિયાળ બરાબર તપાસી. એ જ ઘડિયાળ હતી. કંઈ નુકસાન થયું નહોતું. કાને લગાડી જોઈ. બરાબર ચાલતી હતી. લોકો બધા અજાયબ થઇ ગયા! ડબ્બામાં સૌ કોઈ પેલા માણુસ સામે તાકીને જોવા લાગ્યા. બધાને ખૂબ નવાઈ લાગી. બધાંના દેખતાં એમણે ઘડિયાળ તોડી નાખી હતી, ને બારીની બહાર ફેંકી દીધી હતી. બધાંએ એ જોયું હતું. તેમ છતાં આ એ જ ઘડિયાળ આ જુવાનના ખિસ્સામાં પાછી કેવી રીતે આવી ગઇ? કંઇ જાદુ થયું?

પેલો માણુસ તો હજી મરક મરક હસ્યા જ કરતો હતો. એવામાં એક જણુને કંઈ શક પડયો. તેથી તેણે પેલા માણુસને પૂછયું, "ભાઈ, તમારૂં નામ શું?" તે માણુસે કહ્યું, "મહમદ છેલ!" હેં? બધાંનાં મોં વકાસી રહ્યાં! મહમદ છેલ! પેલો જાદુગર? લોકો કંઇ વધારે પૂછપરછ કરે, એટલામાં તો વડોદરાનું સ્ટેશન આવી ગયું, ને મહમદ છેલ ત્યાં ઉતરી ગયો.

વહાલાં બાળકો ! તમને પણ આ વાત વાંચીને એમ લાગશે, કે મહુમદ છેલે જાદુ કરીને એ જ ઘડિયાળ પેલા જુવાનના ગજવામાં પાછી લાવી દીધી. પરંતુ ખરી વાત એ છે કે, દુનિયામાં જાદુ જેવું કંઈ છે જ નહિ. એ તો માત્ર હાથ ચાલાકી ને ઝડપ છે. હાથની ચપળતાથી ને ઝડપથી જાદુગર એવાં કામ કરી બતાવે છે, કે આપણને તે જાદુ લાગે છે.

હવે આ ઘડિયાળનો ભેદ તમને બતાવું. જ્યારે તેણે ઘડિયાળ એકદમ પછાડી, ત્યારે ખરી ઘડિયાળ તો ધક્કો મારીને હાથ ચાલાકી કરીને પેલા જુવાનના ગજવામાં સફાઈથી મૂકી દીધી, ને બનાવટી ખોટી ઘડિયાળ પોતાના બીજા હાથમાં સંતાડી રાખી હતી, તે એકદમ પછાડી મૂક્કો મારીને તોડી નાખીને બારીની બહાર ફેંકી દીધી ! આમાં તેણે હાથ ચાલાકી અને ઝડપનો એવો સપાટાબંધ ઉપયોગ કર્યો, કે જોનારને તો એમ જ લાગ્યું, કે તેણે સાચી સોનાની અસલ ઘડિયાળ તોડીને ગાડીમાંથી ફેંકી દીધી !

એક જાદુગર એક છોકરીને સુવાડીને તેનું પેટ કરવતથી વહેરીને શરીરના બે ભાગ કરવાની ક્રિયા કરી બતાવતો હતો. પરંતુ આપણે જાણીએ છીએ, કે એ જો સાચું હોય, તો એ છોકરી તરત જ મરી જાય, ને પ્રભુ સિવાય બીજું કોઈ તેને પાછી જીવતી કરી શકે જ નહિ.

માટે યાદ રાખો, રખેને કોઈ તમને હાથચાલાકીથી

ન ભૂલાવે. પ્રભુ ઈસુ કહે છે કે, “ સાવધાન રહો, કે તમને કોઈ ભૂલાવે નહિ. ” (માથ્થી ૨૩ : ૪) વળી જાદુક્રિયા કરનારા માટે પવિત્ર શાસ્ત્ર સ્પષ્ટ કહે છે કે, તેઓ દેવના રાજ્યને વારસો પામશે નહિ, પણ તેમને અગ્નિ તથા ગંધકથી બળનારી ખાઈમાં નાખવામાં આવશે. (ગલાતી. ૫ : ૨૦–૨૧ અને પ્રકટી. ૨૧ : ૮) આજ કાલ માણસોને તેઓ ભલે આંજી નાખે, પરંતુ ન્યાયકાળે પ્રભુની આગળ તેમનું જાદુ જરા યે ચાલશે નહિ.

[૭]

## [૭] હાથી ચઢાવી દીધો !

એક વાર અકબર બાદશાહ દરબાર ભરીને બેઠા હતા. રાજકાજ પતી ગયા પછી જ્ઞાનવાર્તા ચાલતી હતી. વચ્ચે વચ્ચે હાસ્ય વિનોદની ચટણી તો ખરી જ. એટલામાં એક પરદેશી માણસ દરબારમાં દાખલ થયો. બિરબલની બુદ્ધિની ખ્યાતિ સાંભળીને તે છેક ઈરાનથી પરીક્ષા કરવા આવ્યો હતો. રાજાએ તેનો આવકાર કર્યો, ને તેના આગમનનું કારણ પૂછ્યું.

પરદેશી બોલ્યો, " જહાંપનાહ ! એક કોયડો હું આપની આગળ રજૂ કરું છું. આપના દરબારમાંથી કોઈ તેનો ઉકેલ કરી આપશે ? " રાજા કહે, " હા, જરૂર. તમારો કોયડો શો છે, તે કહો. " પરદેશી આંગળી ચીંધીને કહે, " પેલા સામેના કિલ્લાની ટોચ ઉપર હાથી ચઢાવી આપો. "

તે સાંભળીને દરબારમાં સોપો પડી ગયો ! બધા વિચારમાં પડી ગયા, કે આવડો વિશાળ ને ભારે હાથી

આટલા બધા ઊંચા કિલ્લાની ટોચ ઉપર શી રીતે ચઢાવાય? વળી કિલ્લા પર ચઢવાનો દાદરો સાંકડો ને ગોળાકાર. તેના ઉપર હાથી શી રીતે ચઢે? પરાણે ચઢાવવાનો પ્રયત્ન કરીએ, ને અધવચ હાથીના ભારથી દાદરો તૂટી પડે તો? માટે આ તો ના બને! રાજાએ જુદા જુદા પ્રધાનોને પૂછી જોયું, પરંતુ કોઈએ આ અઘરૂં કામ કરી બતાવવાની હામ ભીડી નહિ!

બિરબલ શાંત ને સ્વસ્થ બેઠા હતા. તેમના મુખ પર કોઈ ચિંતા ન હતી. છેવટે રાજાએ બિરબલને પૂછ્યું, "બિરબલજી! તમે આ કામ કરી શકશો?" બિરબલ કહે "હાજી, પણ ત્રણ દિવસ પછી." સૌ કુતૂહલથી બિરબલ સામે જોઈ રહ્યા. બિરબલ આ મુશ્કેલ કામ કેવી રીતે કરશે, તે વિષે અટકળ કરવા લાગ્યા. રાજાને સંતોષ થયો. તેમણે પેલા પરદેશીને ત્રણ દિવસ પછી આવવાની સૂચના કરી.

દરબાર વિખરાયો. બિરબલ ઘેર ગયા. પછી તેમણે ફળિયાનાં તથા આસપાસનાં છોકરાંને ભેગાં કર્યાં, ને તેમને કહ્યું, "જુઓ, આપણે આ કિલ્લા પાસે ધૂળનો મોટો ઢગલો કરવો છે, તેથી તમે સૌ ભેગાં મળીને ધૂળનો મોટો ઢગલો કરી નાખો. બધાં છોકરાંને ચણા, મમરા ને સાકરિયા રોજ વહેંચીશું." તે જમાનામાં આજના જેવી પીપરમીટ ને ચોકલેટ બનતી નહોતી.

છોકરાં બધાં ખુશ થઈ ગયાં. એ તો દોડયાં, ને તે

બીજાં છોકરાંને પણ બોલાવી લાવ્યાં. આસ્સાં ૫૦૦ છોકરાં ભેગાં થઇ ગયાં. પછી મંડી પડયાં ધૂળના ઢગલા કરવા ! નાનાં છોકરાંને ધૂળમાં રમવાનું તો ગમે ! બિરબલ ત્યાં ઊભા હતા. તેઓ કહે, તેમ છોકરાં કરે. બાળસેના એટલે બાળસેના. ત્રણ દિવસમાં તો કિલ્લાની ટોચ સુધી ધૂળનો ઢગલો પહોંચાડી દીધો ! ચણા મમરા ને સાકરિયા ફાકતાં જાય, ને હોંસે હોંસે ધૂળનો ઢગલો કરતાં જાય. ચોથા દિવસની સવારે તો બિરબલે મહાવતની મદદથી કિલ્લાની ટોચ સુધી તૈયાર થએલા ઢાળિયાના રસ્તે થઈને ધીમે ધીમે હાથીને ચલાવીને કિલ્લાની ટોચ ઉપર લઈ જઇને ઊભો કરી દીધો !

ચોથે દિવસે દરબાર ભરાયો. પ્રધાનો ને પ્રજાજનો દરબારમાં આવીને બેઠા. પેલો પરદેશી પણ આવીને હાજર થઈ ગયો. છેલ્લે બિરબલ ને બાદશાહ પણ આવી ગયા. રાજાએ તરત જ બિરબલને પૂછયું " કેમ બિરબલજી ! શરત પ્રમાણે આજે કિલ્લા ઉપર હાથી ચડાવી આપશો ને ? " બિરબલ કહે, " હાજી, ચાલો કિલ્લા પાસે. " બિરબલ આગળ થયો, ને રાજા, પરદેશી તથા બીજા સૌ પાછળ. તરત બિરબલે આંગળી ચીંધીને સામેના કિલ્લા ઉપર ઊભેલો હાથી બતાવ્યો ! તે જોઈને સૌ મોંમાં આંગળાં નાખી ગયા ! પેલો પરદેશી પણ દિંગ થઈ ગયો ! સૌ બિરબલની બુદ્ધિનાં વખાણ કરવા લાગ્યાં. રાજા ખૂશ ખૂશ થઇને પૂછવા લાગ્યા, " શાબાશ બિરબલજી ! પણ તમે આ હાથી કિલ્લા ઉપર ચઢાવ્યો શી રીતે ? "



બિરબલ કહે, "ચાલો બતાવું." એમ કહીને બધાંને કિલ્લાની બીજી બાજુ તરફ લઈ ગયો. ત્યાં બધાંને કિલ્લા પર ચઢવાનો ધૂળનો ઢાળિયો રસ્તો બતાવ્યો. એ જોઈ ને સૌ છકક થઈ ગયા! રાજા પૂછે, "પણ આટલી બધી ધૂળનો ઢગલો અહીં કર્યો કેવી રીતે?" બિરબલ કહે, "મારી વાનરસેનાએ. નાનાં નાનાં છોકરાંએ!" પછી બિરબલે પોતે કેવી રીતે બાળકોને ભેગાં કર્યાં, ને કેવી રીતે

બાળકોએ આ ભારે કામ કરી બતાવ્યું, તે વાત બધાને સમજાવી. તે સાંભળીને સૌ નવાઈ પામી ગયા.

પછી બિરબલે બધાંના દેખતાં જ હાથીને પાછો એ જ ઢાળિયા રસ્તા પર થઇને ધીમે ધીમે ચલાવીને નીચે ઉતારી દીધો. બધાંએ બિરબલને ખૂબ શાબાશી આપી, ને પેલા પરદેશીએ તો એક હજાર સોનામહોર ઈનામમાં આપી. બીજા દિવસે બિરબલે વળી પાછાં ૪૦૦-૫૦૦ બાળકો ભેગાં કરીને ઢગલાની ધૂળ રસ્તા પર અને આસપાસના ખાડાઓમાં પથરાવી દઈ ને બધું હતું તેમનું તેમ કરી નાખ્યું.

વહાલાં બાળકો! નાનાં બાળકો પણ સંપથી ને મહેનતથી કેવાં મોટાં કામ કરી શકે, તે તમે આ વાર્તામાં જોયું. નાનાં બાળકોમાં પણ ભારે શક્તિ રહેલી હોય છે. "જે કાંઈ તમે કરો, તે સઘળું ખરા દિલથી કરો." (કોલોસી. ૩, ૨૩)

## [૮] છાંચે છાંચે જજે!

એક હતા શેઠ, ને એક હતાં શેઠાણી. તેમને એક જ પુત્ર. પણ તે ખરાબ સોબતે ચઢી ગએલો. માબાપનું કહેવું માને નહિ. શેઠની સાથે દુકાને જાય નહિ, ને વેપારમાં ધ્યાન આપે નહિ. શેઠ કમાય પણ છોકરો ઉડાવે. શેઠને આ દીકરાની ભારે ચિંતા થતી. પોતાના મરણ પછી છોકરો બધી સંપત્તિ ઉડાવી દેશે, એવી બીક શેઠને હતી.

એવામાં શેઠ માંદા પડયા. પુષ્કળ દવા કરી, પણ સાજા થયા નહિ. માંદગી તો વધતી જ ચાલી. છેવટે મરણ પથારીએ પડયા. મરતાં પહેલાં પુત્રને છેલ્લી શિખામણ આપવાનું મન થયું. તેથી ઈશારત કરી પુત્રને ખાટલા પાસે બોલાવ્યો. પછી ખૂબ લાગણી ભર્યા ગળગળા સાદે ધીમેથી કહ્યું, "બેટા, હવે તો હું જાઉં છું. આજ પહેલાં મેં તને ઘણી શિખામણ આપી, પણ તે તેં માની નથી. હવે આ એક છેલ્લી શિખામણ તને આપું છું. તે તું જરૂર માનજે."

દીકરો આ કરૂણ પ્રસંગે લાગણીવશ બન્યો, ને બોલ્યો,

" બાપુજી, આપની છેલ્લી શિખામણ જરૂર માનીશ. કહો, શી આજ્ઞા છે ? " શેઠ કહે, " બેટા, રોજ છાંયે છાંયે જજે, ને છાંયે છાંયે આવજે ! " પુત્ર કહે, " સારૂં, બાપુજી, એમ કરીશ. " પુત્રના વચનથી પિતાને સંતોષ થયો. પણ એટલામાં તેમના શ્વાસ રૂંધાયો, ને તે મરણ પામ્યા.

થોડા દિવસ પછી આ યુવકને પિતાજીની શિખામણ યાદ આવી. પિતાજીને આપેલું વચન પાળવા તે તૈયાર થયો. પણ વિચાર કરતાં તે મૂંઝવણમાં પડયો, કે આ શિખામણ કેવી ? " રોજ છાંયે છાંયે જજે, ને છાંયે છાંયે આવજે ! " એટલે શું ? મારે રોજ કયાં જવાનું ? ને બધે છાંયો કયાંથી લાવવો ? પણ થોડો વિચાર કરતાં જ તેને સમજણ પડી, કે આ તો મારે રોજ દુકાને જવાનું ને ? ત્યાં રોજ છાંયે છાંયે જવાનું, ને છાંયે છાંયે આવવાનું. અહોહોહો ! મારા બાપુજી કેટલા બધા ભલા હતા, કે જો હું તડકામાં જાઉં, તો મારૂં માથું તડકામાં તપે, ને મને તાવ આવે, ને હું માંદો પડું ! તેથી જ મારા ભલા માટે મને છાંયે છાંયે જવાની શિખામણ આપી. પણ આખા રસ્તે છાંયો લાવું કયાંથી ? રસ્તા પર તો તડકો હોય છે જ. ત્યારે શું કરૂં ? બાપુજીને આપેલું વચન કેવી રીતે પાળું ?

પણ એનો ઉપાય તેને જડી ગયો. તેણે વિચાર્યું, કે મારા ઘરથી દુકાન સુધીના લાંબા રસ્તા પર એક લાંબું છાપરૂં બાંધી દઉં ! પછી માથા ઉપર તડકો લાગશે નહિ. ખર્ચ થાય તો ભલે થાય, પણ પિતાજીની આજ્ઞા તો માનવી જ જોઈએ ને ? તેથી તેણે મજૂરો રોકયા. રસ્તા ઉપર

થાંભલા નાખવા માંડયા, ને તેના ઉપર છાપરૂં બાંધવા



માંડયું. આ જોઈને લોકો ભેગા થઈ ગયા, ને પૂછવા લાગ્યા, કે "આ શું કરો છો?" જુવાન કહે, "મારા પિતાજીની છેલ્લી ઈચ્છા પ્રમાણે મારા ઘરથી દુકાન સુધી લાંબું છાપરૂં બાંધું છું. જેથી છાંયે છાંયે જવાય."

આ સાંભળીને લોકો બધા હસવા લાગ્યા. એવું ઘરથી દુકાન સુધી લાંબું છાપરૂં તે કંઈ બંધાતું હશે? એવામાં

ત્યાં થઈને નગરશેઠ નીકળ્યા. તે મરનાર શેઠના ઓળખીતા હતા. તેમને પણ આ છાપરૂં બાંધવાની વાત નવાઈ ભરેલી લાગી. તેથી તેમણે તે યુવાનને બોલાવ્યો, ને મરનાર શેઠની આજ્ઞા વિષે પૂછપરછ કરી. "રોજ છાંયે છાંયે જજે, ને છાંયે છાંયે આવજે." એવી શિખામણ વિષે જાણીને તે પણ વિચારમાં પડી ગયા. નગરશેઠ જાણતા હતા, કે મરનાર શેઠ બહુ બુદ્ધિશાળી હતા. તેથી આ શિખામણનું કંઇ રહસ્ય હોવું જોઈએ. વિચાર કરતાં નગરશેઠે આ સૂત્રનો ભેદ ઉકેલી બતાવ્યો, કે "રોજ સવારે તડકો ચઢી જાય, તે પહેલાં દુકાને વખતસર પહોંચી જવું, અને સાંજે સૂર્ય નમ્યા પછી દુકાનેથી ઘેર આવવું. એમ કરવાથી દુકાનમાં વધારે સમય આપી શકાશે, અને તેથી વેપાર પણ સારો ચાલશે."

પિતાજીની આ શિખામણનો ભેદ હવે તે જુવાન વેપારી સમજ્યો, ને તેથી છાપરૂં બાંધવાને બદલે રોજ સવારે વહેલો તે દુકાને જવા લાગ્યો, ને સાંજે મોડે સુધી દુકાનમાં કામ કરવા લાગ્યો. આથી તેનો વેપાર સારી રીતે વધવા લાગ્યો, ને તેના પિતાએ સોંપેલી સમૃદ્ધિમાં તે વધારો કરતો રહ્યો.

વહાલાં બાળકો ! ઈસુ નામના એક છોકરાનું એવું ચિત્ર તમે જોયું છે, કે જેમાં ઈસુ પોતાના ખભે પાણીનો ઘડો ઊંચકી લાવીને કૂવેથી પાણી ભરી લાવવામાં માતાને મદદ કરે છે? અને કરવતથી પાટિયું વહેરવામાં લાકડું બે હાથે મજબૂત પકડી રાખીને પિતાજીને કામમાં મદદ કરે છે?

—

## [૯] જુવાન પહેરેગીર

ઇન્ડોનેશિયા દેશની આ વાત છે. ઘણાં વર્ષ પહેલાં ત્યાં એક રાજા રાજ્ય કરતો હતો. તે ભલો ને દયાળુ હતો. તેમની પાસે એક પહેરેગીર હતો. તે રાજમહેલના દરવાજે ચોકી કરતો. આ પહેરેગીર જુવાન હતો, બહાદુર હતો. તે ચોકી બરાબર કરતો. રાજા મહેલમાંથી બહાર જાય ત્યારે, અને બહારથી પાછા આવે ત્યારે, તે લળી લળીને રાજાને નમન કરે. તેથી રાજાને તેના પર ભાવ હતો.

પરંતુ આ જુવાન પૈસેટકે ગરીબ હતો. તેને માબાપ કે ભાઇબહેન ન હતાં. તેથી એક દિવસ રાજાને વિચાર આવ્યો, કે ગરીબ પહેરેગીરની ગરીબાઇ દૂર કરવી જોઈએ, અને તેની યોગ્ય કદર કરવી જોઈએ. તેથી રાજાએ પોતાના એક જાગીરદાર પર પત્ર લખ્યો, કે "આ પત્ર લાવનાર જુવાન સારો છે, માટે તેની સાથે તમારી દીકરી પરણાવજો. પછી આ જુવાનને હું મારા લશ્કરમાં સરદાર બનાવીશ.

એથી એ બંને સુખી થશે." આવો પત્ર લખીને બીડીને રાજાએ તે પહેરેગીરને આપ્યો, ને તે પત્ર જાગીરદારને હાથોહાથ પહોંચાડવા જણાવ્યું.



પહેરેગીર પત્ર લઈને ગયો. પત્રમાં શું લખ્યું છે, તેની તેને ખબર ન હતી. થોડે દૂર ગયા પછી રસ્તામાં તેનો એક મિત્ર મળ્યો. તેને તેણે કહ્યું, "મિત્ર, રાજાનો

આ પત્ર જાગીરદારને પહોંચાડવાનો છે. તું એ તરફ જાય છે, તો આ પત્ર લેતો જા, ને જાગીરદારને આપી દેજે. કહેજે કે રાજાસાહેબે મોકલાવ્યો છે."

મિત્ર પત્ર લઈને ગયો, એટલે પહેરેગીર ત્યાંથી પાછો વળ્યો, ને રાજમહેલના દરવાજે જઈને પાછો ચોકી કરવા લાગ્યો. થોડી વાર પછી રાજાએ મહેલની બારીમાંથી જોયું, તો પેલો પહેરેગીર મહેલના દરવાજે પહેરો ભરતો હતો! એથી રાજાને નવાઇ લાગી. તેમણે તરત તે પહેરેગીરને બોલાવ્યો, ને પૂછ્યું, "મેં તને જાગીરદારને પહોંચાડવા પત્ર આપ્યો હતો, તે તું પહોંચાડી આવ્યો?" પહેરેગીર કહે, "રાજાસાહેબ, હું તે પત્ર આપવા જતો હતો, પણ રસ્તામાં મારો એક મિત્ર મળ્યો. તે જાગીરદારના ગામે જતો હતો, તેથી તેની સાથે એ પત્ર મોકલાવી દીધો!"

આ સાંભળીને રાજા ગુસ્સે થઈ ગયા, ને તેને ધમકાવીને પૂછ્યું, "મેં તને પત્ર આપવા મોકલ્યો હતો, ને તેં બીજાને શા માટે આપ્યો?" પહેરેગીર પાસે આનો કંઇ જવાબ ન હતો, તેથી તે શરમથી ને ગભરાટથી નીચું જોઈ રહ્યો. આમ છતાં રાજા ગમ ખાઈ ગયા, ને વિચારવા લાગ્યા, કે આ જુવાને થોડીક બેદરકારીને લીધે કેટલી સરસ તક ગુમાવી! રાજા દયાળુ હતા, તેથી તેને આ ભૂલ બદલ કંઈ સજા કરી નહિ, ને તેનો આ પહેલો ગૂનો માફ કર્યો.

થોડા દિવસ પછી રાજાએ ફરી એક વાર આ પહેરે-

ગીરનું દળદર ફીટાડવાનો વિચાર કર્યો. તેથી તેને દરબારમાં બોલાવ્યો, ને કહ્યું, કે “ તું મારા રાજમહેલની સારી રીતે ચોકી કરે છે, તેથી હું તારા પર ખુશ થયો છું, ને તને ઈનામમાં આ એક સરસ મોટું તડબૂચ આપું છું.” એમ કહીને તેને એક મોટું સરસ તડબૂચ આપ્યું.

તડબૂચ લઈ ને પહેરેગીર દરબારની બહાર નીકળ્યો. રાજાએ તેને પૈસાદાર બનાવવાના હેતુથી તે તડબૂચની એક બાજુની નાની ડગળી કાપીને તેમાંથી ગર કાઢી નાખ્યો હતો, ને અંદર સોના મહોરો ભરી દઈ ને પાછી ડગળી લગાડી દીધી હતી. પહેરેગીરને આ બાબતની ખબર નાહ, તેથી ઘેર જતાં રસ્તામાં તેના મનમાં વિચાર આવ્યો, કે રાજાએ આપી આપીને મને તડબૂચ આપ્યું ? આ તે ઈનામ કહેવાય ? કે મશ્કરી ? આથી તેણે ગુસ્સે થઈને તડબૂચ બજારમાં વેચી દીધું, ને તેના જે પૈસા ઉપજ્યા, તે લઇને ઘેર ગયો.

બીજે દિવસે ફરી પાછો તે પહેરેગીર મહેલના દરવાજે ચોકી કરવા ગયો, ત્યારે રાજાએ તેને દીઠો. આ વખતે તો તે જરૂર સોનામહોરોથી પૈસાદાર થઈ ગયો હશે, એમ ધારીને રાજાએ તેને પૂછ્યું, “ કેમ ! પછી તડબૂચ કેવું નીકળ્યું ? મીઠું હતું ને ? ” પહેરેગીર કહે, “ કોણ જાણે રાજા સાહેબ ! તડબૂચમાં તે શું ખાવાનું ? તેથી મેં તો ઘેર જતાં રસ્તામાં જ વેચી દીધું હતું !”

આ સાંભળીને રાજા બહુ ગુસ્સે થયા, ને તેને કહ્યું, કે "તને મદદ કરવા ને તારી ગરીબાઈ દૂર કરવા મેં બે વાર પ્રયત્ન કર્યા, પરંતુ તારી બેદરકારીને લીધે તેં એ બંને વખતની તક ગૂમાવી દીધી !" પછી રાજાએ કેવી રીતે તેને મદદ કરવા પ્રયત્ન કર્યા હતા, તે વાત તેને કહી. ત્યારે પહેરેગીરના પસ્તાવાનો પાર રહ્યો નહિ ! પણ હવે તો ઘણું મોડું થઈ ગયું હતું.

થોડી જ બેદરકારી, પણ કેટલું બધું નુકસાન ?

—o—

## [૧૦] શેઠ અને ઠગ

એક હતા શેઠ. વેપારમાં ભારે ચતુર. ધન કમાવા પરદેશ ગયા. ત્યાં થોડા જ સમયમાં પોતાની કુશળતાથી ખૂબ ધન કમાયા. પછી કમાએલા ધનની સોનામહોરો ખરીદી પાછા વતન આવવા નીકળ્યા. રસ્તે ચાલતાં એક ઠગ મળ્યો. ઠગને લાગ્યું, કે શેઠ પાસે સોનામહોરોની કોથળી છે. તેથી ઠગે મીઠી મીઠી વાતો કરી શેઠને વિશ્વાસમાં લીધા, ને ચાલતાં ચાલતાં શેઠની દોસ્તી કરી લીધી.

સાંજ પડતાં એક ગામ આવ્યું. શેઠ અને ઠગ ગામમાં રાતવાસો રહેવા એક ધર્મશાળામાં ગયા. રાત્રે સૂતાં પહેલાં ઠગે શેઠને કહ્યું, કે “ તમારી પાસે કંઈ જોખમ હોય, તો સંભાળજો, ને મને આપી દેજો, તો તે હું સાચવી રાખીશ.” શેઠ કહે, “ સારૂં, તમને જ આપીશ. ” ઠગના મનમાં એમ કે શેઠ મને સોનામહોરોની થેલી સાચવવા આપે, ને પછી

ઊંઘી જાય, તો પછી હું મધરાતે છાનોમાનો સોનામહોરો લઈને નાસી જાઉં !

મોડી રાત સુધી વાતો કર્યા પછી બંને જણ ઊંઘી ગયા. મધરાત થઈ એટલે પેલો ઠગ ઊઠયો, ને ધીમે રહીને શેઠની પોટલી, શેઠનાં કપડાં, શેઠના ઓશીકા નીચે અને પથારીમાં બધે ફંફોસવા લાગ્યો, પણ ક્યાંય સોનામહોરોની કોથળી મળી નહિ. આખરે થાકીને એ તો પાછો ઊંઘી ગયો.



બીજે દિવસે સવારે બંને વાતો કરતા કરતા આગળ ચાલી નીકળ્યા, પણ ઠગનું ધ્યાન તો પેલી સોનામહોરોની થેલી તરફ જ ! આખો દિવસ ચાલતાં ચાલતાં સાંજે બીજે ગામ પહોંચ્યા, ને ત્યાંય ધર્મશાળામાં રાતવાસો ગાળવા

ઊતર્યાં. આજે તો ગમે તેમ કરીને પણ ધનની કોથળી શોધી જ કાઢવી, એવો નિશ્ચય કરીને ઠગ શેઠની પથારી પાસે સૂતો. શેઠ ભર ઊંઘમાં પડ્યા, એટલે મધરાતે ઠગ ફરી પાછો ઊઠ્યો, ને શેઠની પોટલી, પાઘડી, કપડાં, ઓશીકા નીચે ને પથારીમાં બધે બરાબર ધનની કોથળી શોધવા લાગ્યો, પણ ક્યાંયથી એક પૈસોય મળ્યો નહિ! ઠગને બહુ નવાઈ લાગી! તે વિચારવા લાગ્યો, કે શેઠ નાણાંની કોથળી ક્યાં રાખતા હશે? એટલામાં શેઠે ઊંઘમાં પડખું ફેરવ્યું, એટલે ઠગ છાનોમાનો સૂઈ ગયો. પણ આમ પોતાની ઠગ વિદ્યામાં ન ફાવવાથી તેણે નિશ્ચય કર્યો, કે હવે તો દિવસે રસ્તામાં ચાલતાં જ શેઠને મારીને લૂંટી લેવા!

સવાર થઈ એટલે બંને વાતો કરતા આગળ ચાલી નીકળ્યા. ઠગ મનમાં પેંતરા ગોઠવવા લાગ્યો, કે કોઈ એકાંત જગા આવે, તો ત્યાં શેઠને મારીને લૂંટીને નાસી જઉં! એટલામાં એક મોટું ગામ દેખાયું. ગામમાં પેસતાં જ શેઠે ઠગને કહ્યું, "ભાઈ! હવે મારૂં ઘર આવી ગયું. આ ગામમાં જ મારૂં ઘર છે. તમે એ રાત મારૂં ધન સાચવી રાખ્યું, તે માટે તમારો આભાર માનું છું, ને તેના બદલામાં તમને આ એક સોનામહોર આપું છું."

ઠગ તો નવાઈ પામી ગયો! તે બોલ્યો, "મેં ક્યારે તમારૂં ધન સાચવ્યું હતું?" શેઠ કહે, "કેમ? તમે જ પહેલી રાતે મને કહ્યું હતું, કે "કંઈ જોખમ હોય, તો

મને સાચવવા આપજો." એટલે હું તો રોજ રાતે સૂતાં પહેલાં સોનામહોરની આ કોથળી તમારા ઓશીકા નીચે જ મૂકી દેતો હતો! ને વહેલી સવારે પાછી લઈ લેતો હતો! આમ દિવસે હું સાચવતો, ને રાતે તમે સાચવતા!"

ઠગ તો આ સાંભળીને દંગ થઈ ગયો! તે મનમાં બોલ્યો, "તમેય ખરા ગુરૂ મળ્યા!" પછી એક સોનામહોર લઈને તે ચાલતો થયો. શેઠ હસતા હસતા ઘેર ગયા.

વહાલાં બાળકો! પ્રભુ ઈસુએ આપણને કહ્યું છે, કે "કોઈ તમને ના ભૂલાવે, માટે સાવધાન રહો." (લૂક ૨૧:૮) શેઠ ઠગથી સાવધાન રહ્યા, તો બચી ગયા.

—o—

## [૧૧] ડોશીમા સમજી ગયાં !

એક હતાં ડોશીમા. પરગામ જતાં હતાં. માથે મોટું પોટલું. બપોરનો સમય. તડકો કહે મારું કામ ! ડોશીમા તો થાકીને પરસેવાથી રેબઝેબ થઈ ગયાં.

એટલામાં પાછળથી એક ઘોડેસવાર આવતો જણાયો. તેને જોઈને ડોશીમા જરા થોભ્યાં. ઘોડેસવાર પાસે આવ્યો, એટલે ડોશીમાએ તેને કહ્યું, "બેટા, આટલું પોટલું પેલા ગામ સુધી તારા ઘોડા પર જરા ઉંચકી લે ને! પ્રભુ તારૂં ભલું કરશે." પણ ઘોડેસવારને દયા ના આવી. તેણે ધરાર ના પાડી દીધી, ને ઘોડો દોડાવતો આગળ ચાલ્યો ગયો.

પણ થોડે દૂર ગયા પછી તેને વિચાર આવ્યો, કે "ડોશીનું પોટલું ઊંચકી લીધું હોત, તો સારૂં થાત ! પોટલું લઈને ઘોડો મારી મૂક્યો હોત, તો ડોશી શું કરવાની હતી ? પોટલું અને તેમાં જે કંઈ પૈસા હોત, તે મળી જાત ને ?" એવા વિચારથી તે ઝાડને છાંયે ઊભો રહીને ડોશીમાની રાહ જોવા લાગ્યો.

તે જ વખતે પાછળ આવતાં ડોશીમાને પણ વિચાર આવ્યો, કે "હું ય કેવી મૂરખી કે અજાણ્યાને પોટલું આપવા તૈયાર થઈ! સારૂં થયું કે તેણે પોટલું ના લીધું! જો પોટલું લઈને ભાગી ગયો હોત તો? મારા પૈસા જાત ને? એમ અજાણ્યા પર કંઇ એકદમ ભરોસો મૂકાય?"

એટલામાં ડોશીમા ઠચૂક ઠચૂક કરતાં પેલા ઘોડેસવાર પાસે આવી પહોંચ્યાં. તેમને જોઇને દયા દેખાડતો હોય,



તેમ તે સવાર બોલ્યો, "લાવો માજી, તમારૂં પોટલું ઊંચકી લઉં!" માજી કહે, "કેમ ભાઈ, મન બદલાયું?" સવાર કહે, "હા માજી, વિચાર કરતાં હું સમજ્યો!"

પણ ડોશીમાને તેના મોં પરથી 'દાળમાં કંઈ કાળું' જણાયું. તેમણે વિચાર્યું, કે "આ હમણાં તો પોટલું ઉંચકવાનું ના કહેતો હતો, ને હવે કેમ પોટલું ઉંચકવા તૈયાર થઈ ગયો?" તેથી તેમણે કહ્યું, કે "પણ હવે મારે પોટલું આપવું નથી." સવાર કહે, "કેમ?" માજી કહે, "વિચાર કરતાં હુંય સમજી. જેમ તમે સમજ્યા, તેમ હું ય સમજી!"

ઘોડેસવારનો દાવ ખાલી ગયો, તેથી તે ભોંઠો પડીને ચાલતો થયો. ડોશીમાનું પોટલું બચી ગયું.

"અન્યાયથી મળેલી ઘણી આવક કરતાં નેકીથી મળેલી થોડી આવક સારી છે." નીતિ. ૧૬ : ૮

—૦—

## [૧૨] ચોર નાઠા !

એક હતો વાણિયો. વેપારમાં કુશળ. સારૂં કમાય, પણ દાન કરે નહિ, બસ કમાવામાં ને ભેગું કરવામાં જ બધું ધ્યાન, પણ વાપરવામાં કંજૂસ !

તેની પત્ની ધાર્મિક. સંતોની સભામાં જાય. ઉપદેશ સાંભળે ને પાળે. ગરીબોને દાન પણ કરે. સ્વભાવે દયાળુ.

એક વાર ગામમાં એક જાણીતા સાધુ આવ્યા. સાધુ રોજ સવાર સાંજ ભાષણો કરે. લોકોને ઉપદેશ આપે. ઘણા લોકો તે સાંભળવા આવે. પેલા કંજૂસ શેઠનાં શેઠાણી પણ એ સભામાં રોજ જાય. ઉપદેશ સાંભળે, ને તેથી મન જાગ્રત તથા પ્રસન્ન થાય. પણ શેઠ કોઈ દિવસ સભામાં જાય નહિ. એમને તો બસ રૂપિયા કમાવાની જ ધૂન !

પણ એક દિવસ શેઠાણીએ શેઠને કહ્યું, "તમે ય સભામાં આવતા હો તો ? સાધુ બહુ સારાં ભાષણો આપે

છે. જીવન સુધરી જાય. ઘણા લોકો આવે છે. તમે એક વાર તો આવો, પછી રોજ સભામાં આવવાનું મન થશે."

શેઠે પોતાના સ્વભાવ પ્રમાણે પ્રથમ તો આનાકાની કરી. પણ શેઠાણીના ખૂબ આગ્રહથી તેઓ સભામાં ગયા. સભામાં તો હકડેઠઠ માણસો ! બેસવાની જગા શોધતાં શેઠ તો જરાક ખમચીને ઊભા રહ્યા. તે જોઇ સામેના મંચ ઉપરથી સાધુ બોલ્યા, "કેમ ઉભા છો ! બેસો ને !" એટલે શેઠ જગા શોધવા આઘાપાછા થવા લાગ્યા. પણ બેસવાની મોકળાશ-વાળી જગા મળી નહિ, તેથી પાછા જવા લાગ્યા. તે જોઈને ફરી સાધુ બોલ્યા "કેમ પાછા જાઓ છો ? બસ જશો ?" તો ય શેઠ તો સભામાં બેઠા વગર ઘેર પાછા આવતા રહ્યા.

સભા પૂરી થતાં શેઠાણી ઘેર આવ્યાં, ને શેઠને પૂછ્યું, "સભામાં આવ્યા હતા ?" જવાબમાં શેઠે ફક્ત "હા" એટલું જ કહ્યું. શેઠાણીને સંતોષ થયો.

તે જ રાત્રે શેઠના ઘરમાં બે ચોર પેઠા. શેઠ શેઠાણી ઘસઘસાટ ઊંઘે. ચોરોએ ઘરની પાછલી દીવાલમાં કોચીને બાકોરૂં પાડ્યું, ને તેમાં થઈને ઘરમાં ઘૂસ્યા. શેઠને રાતે ઊંઘમાં બબડવાની ટેવ. તેથી તે ઉંઘમાં જ બોલ્યા, "કેમ ઉભા છો ? બેસોને !" તે સાંભળીને પેલા ચોર ગભરાયા ! તે સમજ્યા, કે શેઠ જાગે છે, ને આપણને જ કહે છે ! એટલે એ તો પાછા વળીને નાસવા સારૂ વાંકા નમીને બાકોરામાં પેસવા લાગ્યા. ત્યાં તો શેઠ ફરી ઊંઘમાં બબડયા,



" કેમ પાછા જાઓ છો ? બસ જશો ?" એટલે ચોર વધારે ગભરાયા ! ' નક્કી શેઠ આપણને જોઇ ગયા છે, માટે પોલીસને બોલાવીને આપણને પકડાવી દેશે !' એવી બીકથી બંને ચોર વહેલા વહેલા બાકોરામાંથી બહાર નીકળી જઇને મૂઠીઓ વાળીને અંધારામાં પલાયન થઈ ગયા !

શેઠ શેઠાણીએ સવારે ઊઠીને જોયું, તો દીવાલમાં બાકોરૂં ! પરંતુ ઘરમાં તપાસ કરતાં કંઈ ચોરાએલું માલમ પડયું નહિ ! તેથી બંનેને નવાઈ લાગી. પણ શેઠાણીને કંઈ યાદ આવ્યું, તેથી તે બોલ્યાં, " તમે રાતે ઊંઘમાં કંઈ બબડતા હતા, કે " કેમ ઊભા છો ? બેસો ને ? કેમ પાછા જાઓ છો ? બસ જશો ?" એટલે હું જરા જાગી ગઈ હતી.

પણ હવે સમજાય છે, કે તમારા બબડવાથી જ પેલા ચોર ગભરાઈને કશું લીધા વગર જ નાસી ગયા હશે !"

શેઠ કહે, "સાધુના આટલા જ શબ્દો મેં સાંભળ્યા. તે મને યાદ રહી ગયા, ને ઊંઘમાં બબડ્યો, તો ય ચોરીથી બચી ગયાં. તો પછી આખું ભાષણ સાંભળતાં કેટલો બધો લાભ થાય ? હવેથી હું રોજ ઉપદેશ સાંભળવા આવીશ."

ત્યાર પછી તે શેઠ કંજૂસ મટીને સેવાભાવી, ગરીબો ઉપર પ્રેમ ને દયા રાખનાર પરોપકારી શેઠ બન્યા.

———

## [૧૩] ગાંધીજીનો જવાબ

ભારતના મહાન નેતા ગાંધીજીનું આખું નામ મોહનદાસ કરમચંદ ગાંધી. તેમનો જન્મ તા. ૨-૧૦-૧૮૬૯ ને રોજ પોરબંદરમાં થયો હતો. તેમનું મરણ તા. ૩૦-૧-૧૯૪૮ ને રોજ દિલ્હીમાં થયું હતું. ભારત તેમને રાષ્ટ્રપિતા તરીકે માન આપે છે. તેમના જીવનની ઘણી વાતો જાણવા જેવી છે. એવી એક વાત નીચે દર્શાવી છે.

ગાંધીજીના રાજકીય ગુરૂ હતા. ગોખલેજી. ગોખલેજીનું આખું નામ ગોપાળ કૃષ્ણ ગોખલે. ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં ફીનીકસ આશ્રમમાં રહેતા હતા. ત્યાં આશ્રમનાં બાળકો માટે નિશાળ પણ ચાલતી હતી. એક દિવસ ગોખલેજી ફીનીકસ આશ્રમમાં આવવાના છે, તેવી ખબર આવી. તે ખબર સાંભળી આશ્રમમાં સૌને આનંદ થયો. આશ્રમની શાળાના શિક્ષકોએ બાળકો પાસે ગણિતનો વિષય બરાબર તૈયાર કરાવ્યો, કારણ કે ગણિત એ ગોખલેજીનો પ્રિય વિષય

હતો. તેથી ગણિત વિષે તેઓ કંઈ પૂછશે જ, એમ શિક્ષકોનું ધારવું હતું.



ઠરાવેલે દિવસે ગોખલેજી આવ્યા. ગાંધીજી સાથે આશ્રમમાં ફરતા ફરતા તેઓ નિશાળમાં પણ આવ્યા. ત્યાં બાળકોને તેમણે એક પ્રશ્ન પૂછ્યો, "બાળકો! તમે તમારાં માબાપ સાથે જંગલમાં થઈને જતાં હો, ને સામેથી વાઘ આવે, તો તમારાં માબાપને બચાવવા તમે શું કરો? માને બચાવવા જાઓ, તો પિતાજીને મારી નાખે, ને પિતાજીને બચાવવા જાઓ, તો માને મારી નાખે! તો એવે વખતે તમે શું કરો?"

કોઈ પણ બાળકને આ પ્રશ્નનો ઉત્તર જડ્યો નહિ. બધાં ય ચૂપ! ત્યારે ગાંધીજીએ કહ્યું, "હું જવાબ આપું?" ગોખલેજી કહે, "હા." ગાંધીજી કહે, "હું દોડીને સીધો

વાઘના મોંમાં પેસી જાઉં ! વાઘ મને ખાય, ત્યાં સુધીમાં માતાપિતા દોડીને કે ઝાડ પર ચઢી જઈને બચી જાય !"

ગોખલેજીને આ જવાબથી સંતોષ થયો, ને આનંદ પણ થયો. બાળકો પણ ગાંધીજીમાં રહેલી માતાપિતા પ્રત્યેના પ્રેમની તથા બલિદાનની ઉત્કટ ભાવના જોઈને પ્રભાવિત થયાં. આવા હતા રાષ્ટ્રપિતા ગાંધીજી.

## [૧૪] પાછો આવ્યો !

ન્યુયોર્ક શહેરમાં એક માણસ રહે. તે રોજ સવારે કામ પર જાય, ત્યારે રસ્તામાં એક કબરસ્તાનમાં જઈને એક કબર ઉપર ફૂલો મૂકીને પછી કામ ઉપર જાય. રોજ સવારે એ પ્રમાણે ફૂલો ચઢાવે. એકે દિવસ ચૂકે નહિ.

એક વાર તેના એક મિત્રે તેને પૂછ્યું, "તમે રોજ કોની કબર પર ફૂલો મૂકવા જાઓ છો ?" પેલા માણસે કહ્યું, "એ મારી વહાલી માતાની કબર છે." મિત્રે પૂછ્યું, "પણ તેથી રોજ કબર ઉપર ફૂલો મૂકવાની શી જરૂર છે ? હોય કોઈ વખત ! વાર તહેવારે ફૂલો મૂકો, તો ચાલે ! એટલું બધું શું છે કે રોજ ફૂલો મૂકવા જાઓ છો ?"

પેલા માણસે ગંભીર બનીને પોતાના મિત્રને કહ્યું, "એ મારી પ્રિય માતાએ મને નવું જીવન આપ્યું છે. તેને હું કદી ભૂલી શકું તેમ નથી. જો, મારી વાત સાંભળ."

"મારા પિતા દારૂડિયા ને દુરાચારી હતા. તેમના

ખરાબ જીવનની અસર મારા ઉપર પણ થઈ. હું પણ તેમના જેવો જ દારૂડિયો ને દુરાચારી બન્યો. એક વાર ઘરમાં અમારા બે વચ્ચે ભારે તકરાર થઈ. તેથી ગુસ્સામાં ને ગુસ્સામાં હું બાપનું ઘર છોડીને ચાલી નીકળ્યો. બીજા શહેરમાં જઈને ત્યાં દારૂ પીવામાં ને બદફેલીમાં જીવન ગુજારવા લાગ્યો.

એમ ને એમ કેટલાંક વર્ષ વીત્યાં. મારા પિતા મરણ પામ્યા, પણ મને તેની ખબર પડી નહિ. હું તો દુનિયાના મોજશોખમાં જીવન ગાળતો હતો. પરિણામે હું માંદો પડયો, સખત માંદો પડયો, છતાં મારી પાસે મારી ચાકરી કરનાર કોઈ નહોતું. હું રીબાવા લાગ્યો.

ત્યાં ન્યુયોર્કમાં મારા પિતાના મરણ પછી મારી માતા રોજ મારી રાહ જોવા લાગી. તેને આશા હતી, કે એક દિવસ મારો દીકરો જરૂર પાછો આવશે. તેથી રોજ જમવાના સમયે તે ખાણાના મેજ પાસે બે ખુરશી મુકતી. એક પોતાને માટે અને બીજી મારા માટે. રોજ રાતે સૂતી વખતે તે બે પથારી કરતી. એક પોતાને માટે અને બીજી મારા માટે !

ને એક સમી સાંજે લથડતે પગલે ઘેર જઈને મેં બારણે ટકોરા માર્યા. મારી માતાએ તરત જ બારણું ખોલ્યું. હું બારણા પાસે ખાંસી ખાતો ઉભો હતો. મને તાવ આવતો હતો. આંખો ઊંડી ઉતરી ગયેલી હતી. ગાલોમાં ખાડા પડી ગયા હતા. અશક્તિને લીધે માંડ ચાલી શકતો હતો. મારી આવી સ્થિતિમાં મારી માતા મને ઓળખી શકી નહિ. તે

મારો હાથ પકડીને અંદર બત્તી પાસે અજવાળામાં મને લઈ ગઈ, ને મને ધારી ધારીને જોવા લાગી.

મેં તેને કહ્યું, "મા, હું સખત માંદો છું. મરવાની તૈયારીમાં છું. પણ મરતાં પહેલાં તારા ખોળામાં શાંતિથી મરવાને માટે હું આવ્યો છું." પણ એટલું બોલતામાં તો તે મને ભેટી પડી, ને દૃઢ અવાજે બોલી, "નહિ નહિ, તું મરવાને માટે નહિ, પણ જીવવાને માટે આવ્યો છે. હું તને મરવા નહિ દઉં!"

ને મિત્ર! સાચે જ મારી માએ મને મરવા દીધો નહિ. તેણે મારી ખૂબ સેવાચાકરી કરી. સારી ને મોંઘી દવાઓ વાપરી. સારો પૌષ્ટિક ખોરાક આપ્યો. પરિણામે થોડા જ સમયમાં હું સાજો થયો. તંદુરસ્ત થયો. જીવી ગયો, બચી ગયો, ને સુધરી પણ ગયો. સારૂં જીવન ગાળવા લાગ્યો.



બોલ દોસ્ત ! હું રોજ આ મારી વહાલી માતાની કબર ઉપર ફૂલો મૂકું છું, એમાં શું વધારે પડતું કરૂં છું ? આવી પ્રેમાળ માતાને હું કદી ભૂલી શકતો નથી !"

બંને મિત્રોની આંખમાં પ્રેમનાં ઝળઝળિયાં આવી ગયાં !

વહાલાં બાળકો ! જો આ દુનિયાનાં માબાપ બાળકો ઉપર આટલો બધો પ્રેમ રાખે છે, તો સ્વર્ગીય પ્રેમાળ પિતા આપણા ઉપર કેટલો બધો પ્રેમ રાખે ? જો આપણે પ્રભુથી દૂર જઈએ, તો તેને કેટલું બધું દુઃખ થાય ? તે નિત્ય આપણને પોતાની પાસે બોલાવે છે. આપણે હંમેશાં તેની સંગતમાં રહીએ, એવું તે ઇચ્છે છે.

# [૧૫] રૂઝૂ–ભલો સમરૂની

સાંજના પાંચ વાગ્યા. ટન્........ટન્........ટન્ન્ન્....
નિશાળનો ઘંટ રણકયો. શાળા છૂટી. નાનાં મોટાં ભૂલકાં પાણીના ધસમસતા પ્રવાહની પેઠે શાળામાંથી બહાર દોડવા લાગ્યાં. નાનો રૂઝૂ પણ ખભે દફતર લટકાવી ઘર તરફ જવા નીકળ્યો. એનું નામ તો હતું રૂઝવેલ્ટ, પણ સૌ તેને નાનપણથી જ રૂઝૂ કહીને બોલાવતાં.

રસ્તા પર અવરજવર બહુ હતી. મોટરો, સ્કૂટરો, સાયકલો, રાહદારીઓ ને નિશાળિયાં. રસ્તો ઓળંગવો બહુ મુશ્કેલ. જરાક ચૂકયા તો ખેલ ખલાસ!

એટલામાં એક છોકરો દોડતોકને રસ્તો ઓળંગવા ગયો. પણ તે પૂર ઝડપે જતા એક સ્કૂટરની અડફેટમાં અચાનક આવી ગયો! તે સ્કૂટર સાથે અથડાઈને બે ગોલીમટાં ખાઈ ઊંધે માથે પડયો. તેનું દફતર કયાંય દૂર જઈને પડયું. પછડાવાથી તેનો એક દાંત તૂટી પડયો, ને મોંએ




ઉઝરડા પડયા ! તેનું મોં લોહીલોહાણ થઈ ગયું. સ્કૂટરવાળો તો ઊભો ય ના રહ્યો. નાસી જ ગયો !

ભોંયે પડેલા છોકરાની આસપાસ નિશાળિયાં વિંટળાઈ વળ્યાં. ઊંધે માથે પડેલો છોકરો રડતો હતો, ને કરુણ ચીસો પાડતો હતો. પણ કોઈ તેની પાસે જતું ન હતું, કે તેને ઊભો કરતું ન હતું. રૂઝૂ પણ ટોળામાં ઘૂસ્યો, ને તેણે જોયું, તો પોતાના જ વર્ગનો અવિનાશ લોહીલોહાણ થઈ ને પડયો હતો ! તે જોઈને રૂઝૂ બોલી ઊઠયો, “ બધા જોઈ શું રહ્યા છો? આને આટલું બધું વાગ્યું છે, છતાં બિચારાને કોઈ ઉઠાડતું ય નથી ? ”

એમ કહીને રૂઝૂ વહેલો વહેલો ઘાયલ પડેલા અવિનાશ પાસે ગયો. તેનો હાથ પકડીને તથા તેને ટેકો આપીને બેઠો કર્યો. પોતાના ગજવામાંથી રૂમાલ કાઢીને અવિનાશના મોં

પરથી લોહી અને ધૂળ સાફ કર્યાં. પછી તેને હાથનો ટેકો આપીને ઊભો કર્યો. તેનું દફ્તર પોતાના ખભે ભેરવી લીધું, ને અવિનાશનો હાથ પોતાના ખભા પર લઈ તેને ધીમે ધીમે ચલાડીને પાસેની ચાલીમાં તેને ઘેર મૂકી આવ્યો. પારકા છોકરાની સેવા કરતા ભલા રૂઝૂને જતો જોઇને નિશાળિયાં તો આશ્ચર્યથી જોઈ જ રહ્યાં.

અવિનાશને જોઈને તેની મા તો હાંફળી-ફાંફળી થઈ ગઈ. રૂઝૂએ તેમને સ્કૂટર અકસ્માતની વાત કરી. અવિનાશની મા તો ગળગળી થઈ જઇને રૂઝૂનો આભાર માનવા લાગી.

ઘેર આવવાનો સમય થઈ ગયો, છતાં રૂઝૂ આવ્યો નહિ, તેથી તેની માને ચટપટી થઈ! "બીજાં છોકરાં આવ્યાં, ને મારો રૂઝૂ કેમ હજી આવ્યો નહિ?" તે વારે વારે બારણે જઈ દૂર સુધી નજર નાખવા લાગી. એટલામાં દૂરથી રૂઝૂ આવતો દેખાયો. માતાને આનંદ થયો. પણ પાસે આવતાં તેના હાથમાં લોહીવાળો રૂમાલ જોઈને તેને ચિંતા થઈ! તરત પૂછ્યું, "કેમ? શું થયું બેટા? કંઈ વાગ્યું છે તને?"

રૂઝૂ કહે, "ના મા! મને તો કંઈ વાગ્યું નથી, પણ મારા વર્ગનો પેલો અવિનાશ ખરો ને! તેને રસ્તો ઓળંગતાં એક સ્કૂટર અથડાયું, ને તેને ખૂબ વાગ્યું!" એમ કહીને રૂઝૂએ જે બન્યું હતું, તે બધી વાત માને વિગતવાર કહી, ને છેવટે માને પૂછ્યું, "પણ મા, એટલા બધા

છોકરા ઉભા હતા, પણ કોઈ બિચારા અવિનાશને મદદ કરે નહિ!"

માએ કહ્યું, "કંઈ નહિ બેટા! પણ તેં એને મદદ કરી ને? તું આજે "ભલો સમરૂની" બન્યો, તેનો મને આનંદ થાય છે."

રૂઝૂ કહે, "ભલો સમરૂની? એ કોણ હતો? એની વાત મને કહોને, મા!"

માએ ભલા સમરૂનીની વાત રૂઝૂને કહી, ને પોતાની નજર સામે જ નાના ભલા સમરૂનીને જોઇને માતાની આંખમાં આનંદનાં આંસુ આવી ગયાં!

વહાલાં બાળકો! તમારે પણ એ ભલા સમરૂનીની વાર્તા જાણવી હોય, તો લૂક ૧૦ : ૨૯ થી ૩૭ જરૂર વાંચો.

## [૧૬] "ઈસુ મારો ભાઈ છે!"

દક્ષિણ અમેરિકામાં બ્રાઝીલ નામે એક દેશ છે. તેનું પાટનગર રિયો ડી જાનેરો. તે શહેરમાં જોસફ ને મેરી નામે પતિપત્ની રહેતાં હતાં. તેમનાં લગ્ન નાતાલનાં દિવસે થયાં હતાં. વળી આનંદની વાત એ બની, કે તેમનાં લગ્ન પછી બરાબર એક વર્ષે આનંદી નાતાલના દિવસે જ તેમને ત્યાં એક સુંદર બેબીનો જન્મ થયો! માબાપે ખૂબ હરખાઈને નાતાલને દિવસે તે જન્મી, માટે તેનું નામ નાતાલબેબી પાડયું! આ તો ખૂબ સરસ! માબાપનું નામ યુસફ ને મરિયમ! નાતાલે લગ્ન! નાતાલે જન્મ! વાહ નાતાલબહેન!

જોસફ ને મેરીનો હરખ તો માય નહિ! નાતાલબેબી એક વરસની થઇ, એટલે તેનું બાપ્તિસ્મા પણ નાતાલના દિવસે જ અપાવ્યું! નાતાલબેબીનું નામ પણ નાતાલના દિવસે જ પાડવું જોઇએ ને? પછી તો નાતાલબેબી ઝપાટા-બંધ મોટી થવા લાગી! દિવસે ય વધે ને રાતે ય વધે!

સુંદર, દેખાવડી ને હસમુખી! ખિલખિલાટ હસે, ને કાલું કાલું બોલે! આનંદી નાતાલે જન્મેલી, તેથી આનંદી તો હોય જ ને? જ્યાં જાય ત્યાં સ્મિતનાં ફૂલડાં વેરે, ને હાસ્યના ફૂવારા ઉડાડે! સૌને ખૂબ વહાલી લાગે.

નાતાલબેબી પાંચ વરસની થઈ, એટલે તે નિશાળે જવા લાગી, અને સાત વરસની થઈ, એટલે રવિશાળામાં પણ જવા લાગી. આ બેબી ભણુવામાં પણ બહુ હોશિયાર. પહેલો-બીજો નંબર રાખે. વળી તેનો કંઠ પણ મધુર, તેથી સરસ ગીતો ગાય. બાઇબલની વાર્તાઓ તથા સોનેરી વાકયો પણ કડકડાટ બોલતાં શીખી ગઈ.

પણ તેને એકે ભાઈ નહોતો. તેથી તેની સાથે રમનાર, તેની સાથે વાતો કરનાર ભાઇ તેને જોઈતો હતો. શાળામાં ઘણી ખરી છોકરીઓ પોતાના ભાઇની આંગળી પકડીને આવતી, ત્યારે તે જોઈને નાતાલબેબીના મનમાં પણ થઈ આવતું, કે મારે પણ એક ભાઇ હોય, તો કેવું સારૂં? "મારો ભાઈ કયાં છે?" એવું માને પૂછવાનું મન થતું, પણ પૂછી શકતી નહિ. કોઈ વાર શૂનમૂન થઈને બેસી રહેતી, અને ભાઇની ઝંખના કર્યા કરતી. વિચારમાં ને વિચારમાં કોઇ વાર તેની આંખમાંથી આંસુ પણ નીકળી પડતાં.

એક રવિવારે તેનાં શિક્ષિકાબહેન રવિશાળામાં પ્રભુ ઈસુનું સુંદર ચિત્ર બતાવી પાઠ શીખવતાં હતાં. તે વખતે એકાએક શિક્ષિકાબહેને છોકરાઓને પૂછ્યું; "તમારામાંથી જેને બહેન હોય, તે છોકરા ઊભા થાઓ!" એકદમ બધા

છોકરા ઊભા થયા. તે દરેકના મોં પર આનંદ હતો. પછી શિક્ષિકાબહેને છોકરીઓને પણ એવો જ પ્રશ્ન પૂછયો, કે "તમારામાંથી જેને જેને ભાઈ હોય, તે બધી છોકરીઓ ઊભી થાઓ." નાતાલબેબી સિવાય બધી છોકરીઓ ઊભી થઈ.

નાતાલબેબી આ બધું જોતી હતી. તેને એકલીને બેસી રહેલી જોઈને બધાંનું ધ્યાન તેના તરફ ખેંચાયું. નાતાલબેબીને લાગ્યું, કે હું ભાઈ વગરની છું, તેથી બધાંની આંખો મને મશ્કરીમાં વીંધી રહી છે. આથી પરાણે દાબી રાખેલો વેદનાનો ધોધ તેની આંખોમાંથી તૂટી પડયો, ને તે માથું નીચું ઢાળીને ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડી! બિચારી ભાઈ વિહોણી બહેન!

શિક્ષિકાબહેન તરત સમજી ગયાં. નાતાલબેબીનું દુઃખ તે પામી ગયાં. તે એકદમ નાતાલબેબી પાસે ગયાં, ને તેને બાથમાં ઊંચકી લીધી. બહુ જ પ્રેમથી પોતાના ખોળામાં બેસાડીને તેનાં આંસુ લૂછતાં તેને પૂછયું, "બેટા! તું કેમ રડે છે? તારે ભાઈ નથી, તેથી ને! જો, જો, તારે ભાઈ તો છે! પ્રભુ ઈસુ તારો ભાઈ છે. પ્રભુ ઈસુની આ સુંદર છબીની નીચે શું લખ્યું છે? વાંચ જોઈએ. પ્રભુ ઈસુ કહે છે કે "કેમકે જે કોઈ દેવની ઈચ્છા પ્રમાણે કરશે, તે જ મારો ભાઈ તથા મારી બહેન તથા મારી મા છે." (માર્ક ૩ : ૩૫)

તું દેવની ઈચ્છા પ્રમાણે કરે છે, માટે તું પ્રભુ



ઈસુની નાની બહેન છે, ને પ્રભુ ઈસુ તારો મોટો ભાઈ છે. માટે હવે રડ નહિ. છાની રહે."

નાતાલબેબીએ પ્રભુ ઈસુના પ્રેમાળ મુખ સામે જોયું. તેના હૃદયમાં એકદમ પ્રકાશનો ઝબકારો થયો. તેનાં આંસુ અદૃશ્ય થયાં. ધીમે ધીમે તેના મુખ પર સ્મિત ફરકવા લાગ્યું. શિક્ષિકાબહેન તેના માથા પર પ્રેમથી હાથ ફેરવતાં કહેવા લાગ્યાં, "પ્રભુ ઈસુ તારો મોટો ભાઈ છે! તું પ્રભુ ઈસુની નાની બહેન છે!" હવે નાતાલબેબી શિક્ષિકાબહેનની બાથમાંથી છૂટી થઈ. તે પ્રભુ ઈસુના ચિત્રની સામે જોઈને બોલી, "પ્રભુ ઈસુ મારો ભાઈ છે!" એમ કહીને તે આનંદમાં ને આનંદમાં ઘર તરફ દોડી ગઈ.

ઘરના બારણામાં પેસતાં જ તેણે બૂમ પાડી, "મા, મા,

મારે પણ ભાઈ છે! પ્રભુ ઈસુ મારો ભાઈ છે!" ને પહેલાંની જેમ ખિલખિલાટ હસતી તે માને બાઝી પડી.

માને પ્રથમ તો કંઈ સમજ પડી નહિ. પણ જ્યારે નાતાલબેબીએ આજે રવિશાળામાં બનેલી બીના કહી, ત્યારે જ તે વિષે તેની માને સમજણ પડી. પછી માએ પવિત્ર શાસ્ત્ર ઉઘાડયું, ને માર્ક ૩ : ૩૫ ની કલમ વાંચી. નાતાલબેબીની ખુશીનું કારણ હવે તે સમજી શકી. પછી તો નાતાલબેબીનું દુઃખ કાયમને માટે જતું રહ્યું, કારણ કે હવે તેને ભાઈ મળ્યો હતો. તેણે નાનપણથી જ પ્રભુ ઈસુને પોતાના જીવનનું અર્પણ કર્યું, અને પ્રભુ ઈસુને ગમે એવાં જ પ્રેમનાં, ભલાઈનાં, દયાનાં ને સેવાનાં કામો તે કરવા લાગી.

## ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીનાં પ્રકાશનો

૧. ક્રોસ અને કવિ ... ... ... શ્રી. યોસેફ મેકવાન

૨. ઈસુ જીવન દર્શન–ભાગ ૧ ... રેવ. જયાનંદ આઈ. ચૌહાન

૩. ગીદુ ગધેડો બેથલેહેમમાં ... કુમારી યેશુનંદા જે. ચૌહાન

૪. બેનહૂર ... (નવલકથા ... પ્રેસમાં) શ્રી. ભગવતપ્રસાદ ચૌહાણ

૫. પરોઢિયે પ્રાણાર્પણ (નવલકથા–પ્રેસમાં) ડૉ. હેમીલ્ટન સત્વેદી

૬. સ્ત્રી–પુરુષ સંબંધ I married you નો અનુવાદ (પ્રેસમાં) .. શ્રી. ભગવતપ્રસાદ ચૌહાણ

૭. વેદના અને વિજય (નાટક) ... શ્રી. ભગવતપ્રસાદ ચૌહાણ

૮. ઈસુ જીવન દર્શન (ભાગ ૩–૪) ... ... યોજના ચાલુ

૯. આકાશ મહેક મહેક ધરતીની પ્રીતથી...શ્રી. ભગવતપ્રસાદ ચૌહાણ

૧૦. જીવન જીવી જાણનારાં અપંગો...શ્રીમતી જયવંતીબહેન ચૌહાન

૧૧. ઈઝરાયલ–એક અનોખી પ્રજા ...રેવ. જયાનંદ આઈ. ચૌહાન

મંગળ મુદ્રણાલય; રતનપોળ, અમદાવાદ–૧